कर्मना भोग भोगव्या पछी जे वखत गर्भथकी मुक्त थाय छे, ते वखते ज भगवाननी माया ए पुरुषने मोहित करे छे. ॥२८॥ पछी ए मायामां गुंथायो एटले पराधीन थइने, कशुं पण न बोलतां, बाल्यावस्थानां जे जे दुःखो होय छे, ते तेनो उपभोग ले छे. ॥२९॥ बालकना मननी अंदरनी वात जाणवाने आसक्त होय एवां लोक तेनुं पोषण करे छे, तथा तेना मनमां शुं छे ते सूझतुं नथी, तेमज मननी अंदरनी वातने पडती मूकवाने पण ते बालक असमर्थ होय छे. ॥३०॥ अपवित्र छतां मांकण

यदा गर्भाद्बहिर्याति कर्मभोगादनंतरम् ॥ तदैव वैष्णवी माया मोहयत्येव पुरुषम् ॥२८॥
स तदा मायया स्पृष्टो न किंचिद्वदतेऽवशः ॥ शैशवादिभवं दुःखं पराधीनतयाऽश्नुते ॥२९॥
परच्छंदं न विदुषा पुष्यमाणो जनेन सः ॥ जनभिप्रेतमापन्नः प्रत्याख्यातुमनीश्वरः ॥३०॥
शायितोऽशुचिपर्यंके जंतुस्वेदजदूषिते ॥ नेशः कंडूयनेंऽगानामासनोत्थानचेष्टने ॥३१॥
तुदंत्यामत्वचं दशा मशका मत्कुणादयः ॥ रुदंतं विगतज्ञानं कृमयः कृमिकं यथा ॥३२॥
इत्येवं शैशवं भुक्त्वा दुःखं पौगंडमेव च ॥ ततो यौवनमासाद्य याति संपदमासुरीम् ॥३३॥

वगेरे जीवोवाळी पथारीमां सूइ रहे ते वखत पोतीका शरीरे चेळ आवी होय तेथी के बीजा कारणथी, ते ठेकाणेथी बीजा ठेकाणे जवुं होय विगेरे शारीरिक चेष्टाओ बाबत ते असमर्थ होय छे. ॥३१॥ ए वगेरे कारणोथी तेना कोमल शरीरे मच्छर, डांस तथा मांडण चांचण वगेरे प्राणीओ, जेम नाना कीडाने मोटा कीडा खाय छे तेम ते बालकने डंश करे छे. ॥३२॥ ए रीते बाल्य तथा पौगंड (जन्मे त्यारथी अगियार वर्ष सुधी बाल्यावस्था अने अगियारथी त्रीस वर्ष सुधी पौगंड अवस्था कहेवाय) अवस्थामां दुःखो भोगवीने, पछी तारुण्यावस्थाने पामे छे ते अवस्थामां अन्यायथी संपत्ति ( धन ) संपादन ( मेळववुं ) करीने ॥३३॥

ए अवस्थामां दुर्व्यसनासक्त थइने, नीचनी संगति करे छे तथा विषयाक्रांत (अनेक विषयोनी प्रीतिवाळो) होवाने लीधे शास्त्रो तथा सत्समागमनो द्वेष करे छे. ॥३४॥ निरंतर भगवाननी ज माया एम स्त्रीने गणवा शीखे छे, ते वखत तेणीने जोतां ज नेत्रकटाक्षादि भावने लीधे तथा अजितेंद्रिय होवाथी तत्पर थइने, जेम दीवामां पतंगियुं पडे छे, तेम विषयलोभथी नरकमां पडे छे. ॥३५॥ हरण, हाथी, पतंगियुं, भमरो तथा माछलुं ए पांच प्राणीओ मात्र एकेक विषयनां भोगी एटले हरणने कान, हाथीने स्पर्श, पतंगने रूप, मांछलाने जिह्वा तथा भमराने सुगंधी प्रिय छे. ए प्राणीओ मात्र एकेक विषयनी प्रीतिने लीधे नाश पामे छे, ते एम के, पारधी उत्तम सुस्वर गान तथा बाद्यवडे हरणने मोहित करीने तेना प्राण ले छे. खाडो खोदी, ते

तदा दुर्व्यसनातको नीचसंगपरायणः ॥ शास्त्रसत्पुरुषाणां च द्वेष्टा स्यात्कामलंपटः ॥३४॥
दृष्ट्वा स्त्रियं देवमायां तद्भावैरजितेंद्रियः ॥ प्रलोभितः प्रतत्यंधे तमस्यग्नौ पतंगवत् ॥३५॥
कुरंगमातंगपतंगभृंगमीना हताः पंचभिरेव पंच ॥
एकः प्रमादी स कथं न हन्यते यः सेवते पंचभिरेव पंच ॥३६॥

पर टाट बीछावी, ते पर माटी वेरी, तेमां लीलोतरी उगाडो, तेमां कागळनी हाथणी उभी राखे छे, तेनो स्पर्श करवा जतां, हाथी खाडामां पडी वगर महेनने कबजे थाय छे, पछी मारवो के जिवाडवो ए पकडनारनी मरजी पर छे. पतंग दीपकनुं रूप जोइने तेमां झंपलाइ मरे छे, भमरो कमळना फूलनी मांहेना मकरंद (एक जातनो गळपणवाळो रस फूलोमां होय छे ते) लेवा जतां, कमळफूलनी रात्रे बंध थवानो स्वभाव होवाथी गुंगळाइने मरे छे अने माछलुं लोढाना अंकोडाए चोंटाडेलो घउंनो आटो खावाना लोभथी अंकोडामां भराइने नाश पामे छे. ए जीवो एकेकी वस्तुनी चाहनावाळा छतां नाश पाम्या तो पांच विषयनी चाहनावाळा मनुष्य प्राणीओ नाश पाम्या वगर केम रहे ? ॥३६॥

तारुण्यावस्थामां स्त्री विगेरे जे जे इच्छा करे, ते ते विषयो तेने प्राप्त न थाय तो अज्ञानने लीधे तेओ पर क्रोध करीने शोकातुर थाय छे. ॥३७॥ वळी पोताना नाशने अर्थे बीजा कामी पुरुषनी साथे क्लेश करे छे. क्लेश करे एटले ए बेमां, जे बलाढ्य होय, ते निर्बलने, जेम बलाढ्य हाथी बीजा निर्बल हाथीने मारे, तेम मारे छे. ॥३८॥ भगवान् कहे छे, हे गरुड ! सकल जन्मोमां अति दुर्लभ मनुष्यदेह प्राप्त थया छतां, जे मूर्ख, ए मनुष्यत्वनो व्यर्थ नाश करे छे, ते विना बीजो पातकी कोण? ॥३९॥ हे गरुड ! अनंत योनिमां भमतां कर्म प्रमाणे पृथ्वी पर मनुष्यजन्म प्राप्त थाय छे, तेमां पण ब्राह्मणनो

अलब्धाभीप्सितोऽज्ञानादिद्धमन्युः शुचार्पितः ॥ सह देहे मानेन वर्धमानेन मन्युना ॥३७॥
करोति विग्रहं कामी कामिष्वंताय चात्मनः ॥ बलाधिकैः स हन्येत गजैरन्यैर्गजो यथा ॥३८॥
एवं यो विषयासक्त्या नरत्वमतिदुर्लभम् ॥ वृथा नाशयते मूढस्तस्मात्पातरो हि कः ॥३९॥
जातीशतेषु लभते भुवि मानुषत्वं तत्रापि दुर्लभतरं खलु भो द्विजत्वम् ॥
यस्तन्न पालयति लालयतींद्रियाणी तस्यामृतं क्षरति हस्तगतं प्रमादात् ॥४०॥
ततस्तां वृद्धतां प्राप्य महाव्याधिसमाकुलः ॥ मृत्युं प्राप्य महद्दुःखं नरकं याति पूर्ववत् ॥४१॥
एवं गतागतैः कर्मपाशैर्बद्धाश्च पापिनः ॥ कदापि न विरज्यंते मम यायाविमोहिताः ॥४२॥

जन्म अतिदुर्लभ जाणवो. ए रीतनो जन्म प्राप्त थया छतां, जे मात्र तेनुं पोषण करे छे तथा इंद्रियोने लाड लडावे छे, तेना हाथमांनुं अमृत ढळी गयुं एम जाणवुं. ॥४०॥ अर्थात् ( हाथमां अमृत छतां, तेने न साचवतां, जेम पृथ्वी पर ढोळी नांखे छे, तेम ) तेणे पोताना जन्मनुं सार्थक न करतां, व्यर्थ गुमाव्यो एम जाणवुं. ए प्रकारनां अनेकविध दुःख तारुण्यावस्थामां भोगवीने पछी वृद्धदशाने पामे छे. वृद्धावस्थामां पण अनेकविध दुःखथी व्याप्त थइ मृत्युए पहोंची, पूर्ववत् नरके जाय छे. ॥४१॥ हे गरुड ! ए रीते अनेक वखत आ भूमिपर अवतरीने नरकमां जवानी कर्मरचना वडे पातकी जन वींटाइ जाय छे, तेने वैराग्य प्राप्त थतो नथी, कारण के मारी दुरत्य (जेनो पार न आवे एवी) मायाने लीधे तेओ मोहित होय छे. ॥४२॥

हे गरुड ! जेनी पाछळ अंत्येष्ट्यादि ( मूआ पछीनी क्रिया विगेरे ) कर्मो थयां न होय, तेनी नरकमां शी गति थाय छे, ते गे तमने कही संभळाव्युं. हवे तमे शुं सांभळवा इच्छो छो ? ॥४३॥

इति श्री गरुडपुराणे सारोद्धारे पापीजन्मादिदुःखनिरूपणो नाम सार्थ षष्ठोध्यायः ॥ ६ ॥

इति ते कथिता तार्क्ष्य ! पापिनां नारकी गतिः अंत्येष्टिकर्महीनानां किं भूयः श्रोतुमिच्छसि ॥४३॥

इति श्री गरुडपुराणे सारोद्धारे पापिजन्मादिदुःखनिरूपणो नाम षष्टोऽध्यायः ॥१॥

## ॥ अथ सप्तमोऽध्यायः ॥

सूत उवाचः—

इति श्रुत्वा तु गरुडः कंपितोऽश्वत्थपत्रवत् ॥ जननामुपकारार्थं पुनः पप्रच्छ केशवम् ॥१॥

गरुड उवाचः—

कृत्वा पापानि मनुजाः प्रमादबुद्धितोऽपि वा ॥ न यांति यातना याम्याः केनोपायेन कथ्यताम् ॥२॥

संमारार्णवमग्नानां नराणां दीनचेतसाम् ॥ पापोपहतबुद्धिनां विषयोपहतात्मनाम् ॥३॥

उद्धारार्थं वद स्वामिन् ! पुराणार्थविनिश्चयम् ॥ उपायं येन मनुजाः सद्गतिं यांति माधव ॥४॥

॥ अथ सप्तमोऽध्याय ॥

सूत कहे छे, हे शौनकादि ऋषिओ ! गरुड. ए रीतनां भगवद्वाक्य सांमळतां ज जेम वायुने योगे पीपळानां पान कंपे, तेम कंपवा लाग्या. पछी तेमणे परोपकारार्थ भगवानने प्रश्न पूछ्यो. ॥१॥ ते एम के, हे भगवान् ! केटलांक मनुष्य बुद्धिपूर्वक ( जाणी जोइने ) पातको करे छे, तथा केटलाक चूकथी करे छे, ए रीतनां बे प्रकारनां मनुष्यो, शो उपाय करे तो नरकमां न जाय ? ते उपाय मने कहो. ॥२॥ हे भगवान् ! जेओ संसारसमुद्रमां बूडेला, दीन जेओनी चित्तवृत्ति निरंतर पापमां तथा विषयोने लीधे जेनुं अंतःकरण नष्ट थयेलुं ॥३॥ एवा लोकोना उद्धारार्थे सकल पुराणोना मुख्य अर्थ मने कहेवानी आप जो कृपा करो तो सारुं. ॥४॥

એ રીતનું ગરુડનું ભાષણ સાંભળીને ભગવાન કહે છે, હે ગરુડ ! સર્વ લોકના હિતને અર્થે તમે ઉત્તમ પ્રશ્ન પૂછયો, તે વિષે હવે હું તમને કહું છું તે એકાગ્ર અંતઃકરણથી શ્રવણ કરો. ॥૫॥ હે ગરુડ ! અપુત્રવાન્ તથા પાતકીને જે દુર્ગતિ પ્રાપ્ત થાય છે તે મેં વર્ણવી બતાવી, પુત્રવાન્ તથા ધાર્મિકને કદી પણ દુર્ગતિ પ્રાપ્ત થતી નથી. ॥૬॥ કેટલા એક જન્માંતરના પાપસંસ્કારથી જો કોઇને પુત્ર થતો ન હોય, તો તેણે તે ઉપાયથી પુત્ર મેળવવાનું સાધન કરવું. ॥૭॥ તે ઉપાય એવો કે, હરિવંશ સાંભળવો, સપ્તશતીના પાઠ કરવા, અથવા ભક્તિપુરઃસર શિવનું આરાધન કરવું. એટલે તે સાધનથી પુત્ર થાય છે. ॥૮॥ બ્રહ્મદેવે પુત્ર

श्री भगवानुवाचः—

साधु पृष्टं त्वया तार्क्ष्य ! मानुषाणां हिताय वै ॥ शृणुष्वावहितो भूत्वा सर्वं ते कथयाम्यहम् ॥५॥
दुर्गतिः कथिता पूर्वमपुत्राणां च पापिनाम् ॥ पुत्राणां धार्मिकाणां तु न कदाचित्खगेश्वर ! ॥६॥
पुत्रजन्मविरोधः स्याद्यदि केनापि कर्मणा ॥ तदा कश्चिदुपायेन पुत्रोत्पत्तिं प्रसाधयेत् ॥७॥
हरिवंशकथां श्रुत्वा शतचंडीविधानतः ॥ भक्त्या श्रीशिवमाराध्य पुत्रमुत्पादयेत्सुधीः ॥८॥
पुन्नाम्ना नरकाद्यस्मात्पितरं त्रायते सुतः ॥ तस्मात्पुत्र इति प्रोक्तः स्वयमेव स्वयंभुवा ॥९॥
एकोऽपि पुत्रो धर्मात्मा सर्वं तारयते कुलम् ॥ पुत्रेण लोकाञ्जयति श्रुतिरेषा सनातनी ॥१०॥
इति वेदैरपि प्रोक्तं पुत्र माहात्म्यमुत्तमम् ॥ तस्मात्पुत्रमुखं दृष्ट्वा मुच्यते पैतृकादृणात् ॥११॥

શબ્દનો અર્થ કહેલો છે, તે એવો કે, જે પુત્ર નરકથી પોતાના પિતાનો ઉદ્ધાર કરે છે, તેને જ પુત્ર જાણવો. ॥૯॥ ધર્મ સંપાદન કરનારો કદાપિ એક જ પુત્ર હોય, તોપણ તે પોતાના સકળ કુળનો ઉદ્ધાર કરે છે. પુત્ર એ સાધન વડે પિતા સર્વ લોકને જીતે છે. એવી અનાદિ શ્રુતિ છે. ॥૧૦॥ વેદે પણ પુત્ર વિષે ઉત્તમ માહાત્મ્ય વર્ણવ્યું છે. પિતા પુત્રનું મુખ અવલોકન કરે, એટલે તે પિતા પિતૃઋણથકી મુક્ત થાય છે. ॥૧૧॥

जे मनुष्यने पौत्र (दीकरानो दीकरो) नो स्पर्श थाय छे, ते त्रणे प्रकारना ऋणथकी एटले आलोक, देवलोक तथा पितृलोकना करजथी मुक्त थाय छे, अने पुत्रपौत्रादिक सहित स्वर्गने ओळंगीने तेथी पण उत्तम गतिने पामे छे. ॥१२॥ पोतानी जातिनी स्त्री साथे विवाह करीने, विधिपूर्वक पुत्रोत्पत्ति थाय, तो ते पुत्र उत्तम गतिने पमाडे छे, तथा विवाह कर्या सिवायनी बीजी स्त्रीथकी पुत्र थाय तो, ते पुत्र नरके लइ जाय छे; माटे हे गरुड! ए रीतना सर्व नियम मनमां समजवा. अने परजातिनी स्त्रीथकी उत्पन्न थयेला पुत्रनो त्याग करवो. ॥१६॥ धणीधणीआणी एक ज जातिनां होय, तेओ थकी उत्पन्न थयेलो पुत्र औरसपुत्र कहेवाय; ते जे श्राद्धादिक समये दान करीने, पोताना मा बापने स्वर्ग पमाडे छे. ॥१४॥ पुत्र श्राद्धादि

पौत्रस्य स्पर्शनान्मर्त्यो मुच्यते च ऋणत्रयात् ॥ लोकानत्येद्दिवः प्राप्तिः पुत्रपौत्रप्रपौत्रकैः ॥१२॥
ब्राह्मोढापुत्रोन्नयति संगृहीतस्त्वधो नयेत् ॥ एवं ज्ञात्वा खगश्रेष्ठ हीनजातिसुतांस्त्यजेत् ॥१३॥
सवर्णेभ्यः सवर्णासु ये पुत्रा औरसाः खग ॥ त एव श्राद्धदानेन पितृणां स्वर्गहेतवः ॥१४॥
श्राद्धेन पुत्रदत्तेन स्वर्यातीति किमुच्यते ॥ प्रेतोऽपि परदत्तेन गतः स्वगमथो शृणु ॥१५॥
अत्रैवोदाहरिष्येऽहमितिहासं पुरातनम् ॥ और्ध्वदेहिकदानस्य परं माहात्म्यसूचकम् ॥१६॥
पुरा त्रेतायुगे तार्क्ष्य ! राजासीद्बभ्रुवाहनः ॥ महोदये पूरे रम्ये धर्मनिष्ठो महाबलः ॥१७॥

करीने दान करे, तो, तेनां पितर स्वर्गे जाय छे; परंतु पुत्र सिवाय बीजो श्राद्धादि क्रिया करे तो पिशाच पण स्वर्गे जाय छे, ते बाबत हु तमने एक आख्यान कहु, ते तमे स्वस्थ चित्तथी सांभळो. ॥१५॥ हे गरुड! तमने ए बाबत एक प्राचीन (भूतकाळना पुरातन काळनुं) इतिहास (वृत्तांत) कहुं छुं के जे इतिहासमां श्राद्धादि दाननुं उत्तम माहात्म्य वर्णवेलुं छे. ॥१६॥ हे गरुड! पूर्वे त्रेतायुगमां अति रमणीय (शोभायमान) महोदयपुर नामना नगरमां धर्मनिष्ठ छतां अति बलवान बभ्रुवाहन नामे राजा राज्य करतो हतो. ॥१७॥

ए राजा मोटा मोटा यज्ञ करनारो, दानशूर लक्ष्मीवान्, ब्राह्मणो पर प्रीति करनारो, साधुओ तरफ दयाळु, शील (एक स्त्रीव्रतवाळो) पालनारो, आचार पाळनारो, गुणवान्, दयाळु अने दक्षता ( कोइ बाबतनो अजाण्यो नहीं ते ) विगेरेथी युक्त छतां, ॥१८॥ जे धर्मवडे सकळ प्रजानुं पुत्र प्रमाणे पालन करे, अने क्षात्रत्व (शत्रु जीतवानुं सामर्थ्य) बाबत आसक्त छतां, दंड देवाने पात्र होय तेने दंड देतो हतो. ॥१९॥ एक समये ए राजा सैन्य सहित मृगया (हरणनो शिकार) रमवा सारु अति गहन (जेमांथी आरपार न जइ शकाय एवी खीचोखीच झाडीवाळा) वनमां गयो; के जे वन अनेक प्रकारनां सुशोभित

यज्वा दानपतिः श्रीमान्ब्रह्मण्यः साधुवत्सलः ॥ शीलाचारगुणोपेता दयादाक्षिण्यसंयुतः ॥१८॥
पालयामास धर्मेण प्रजाः पुत्रानिवौरसान् ॥ क्षत्रधर्मरतो नित्यं सा दंड्यान्दंडयन्नृपः ॥१९॥
स कदाचिन्महाबाहुः ससैन्यो मृगयां गतः ॥ वनं विवेश गहनं नानावृक्षसमन्वितम् ॥२०॥
नानामृगगणाकीर्णं नानापक्षिनिनादितम् ॥ वनमध्ये तदा राजा मृगं दूरादपश्यत ॥२१॥
ते विद्धो मृगोऽतीव बाणेन सुदृढेन च ॥ बाणमादाय तं तस्य वनेऽदर्शनमेयिवान् ॥२२॥
कक्षेण रुधिरार्द्रेण स राजानुजगाम तम् ॥ ततो मृगप्रसंगेन वनमन्यद्विवेश सः ॥२३॥

वृक्षोवाळुं हतुं. ॥२०॥ घणा प्रकारना मृगथी भरपूर छतां नाना प्रकारना पक्षीओना शब्द थता हता एवा वनमां राजाए प्रवेश कर्यो तो, दूरथी एक मृग देख्यो. ॥२१॥ पछी ए राजाए ए मृगपर अति तीक्ष्ण बाणवडे प्रहार कर्यो, परंतु ए मृग ए बाणना प्रहारथी न मरतां, बाण सहित झाडीमां पेसी जवाथी, अदृश्य थयो. ॥२२॥ पछी रक्तथी खरडायेलुं घास नजरे पडवाथी मृग आ रस्ते गयो छे एवो तर्क करीने, राजाए तेनी पाछळ पाछळ जवा मांडयुं, एवी धारणाथी जतां, मृगमां ध्यान होवाथी बीजा वनमा जइ चडयो. ॥२३॥

ए ठेकाणे क्षुधा तथा तृषाथी राजानो कंठ सुकाइ गयो तथा श्रम अने सूर्यना तापने लीधे ए राजा मूर्च्छित थयो; पछी फरतां फरतां तेनी दृष्टिए एक तळाव पडतां, राजाए तेमां अश्व सहित प्रवेश कर्यो. ॥२४॥ पछी कमलना गंधने लीधे सुगंधयुक्त थयेलुं ते तळावमांनुं जल, पान करी तेमांथी नीकळीने थाकरहित थयो. ॥२५॥ ए राजाए ते ठेकाणे मोटुं वडनुं वृक्ष देख्युं, ते एवुं के जेनी छाया अति शीतल अने मनोरंजक हती वळी तेनी अति मोटी अने विस्तीर्ण शाखाओ उपर हजारो पक्षी शब्द करतां हतां. ॥२६॥ ए वनमां ध्वजानी पेठे सकल वृक्षोमां उच्चताने पामेला ए वडना वृक्षनी नीचे ए राजा जइने

क्षुत्क्षामकंठो नृपतिः श्रमसंतापमूर्च्छितः ॥ जलाशयं समासाद्य साश्व एव व्यागहत ॥२४॥
पपौ तदुदक शीतं पद्मगंधादिवासितम् ॥ ततोऽवतीर्य सलिलाद्विश्रमो बभ्रुवाहनः ॥२५॥
ददर्श न्यग्रोधतरुं शीतच्छायं मनोहरम् ॥ महाविटपविस्तीर्णं पक्षिसंघनिनादितम् ॥२६॥
वनस्य तस्य सर्वस्य महाकेतुमिव स्थितम् ॥ मूलं तस्य समासाद्य निषसाद महीपतिः ॥२७॥
अथ प्रेतं ददर्शासौ क्षुत्तृड्भ्यां व्याकुलेंन्द्रियम् ॥ उत्कचं मलिनं कुब्जं निर्मांसं भीमदर्शनम् ॥२८॥
तं दृष्ट्वा विकृतं घोरं विस्मितो बभ्रुवाहनः ॥ प्रेतोऽपि दृष्ट्वा तं घोरामटवीमागतं नृपम् ॥२९॥
समुत्सुकमना भूत्वा तस्यांतिकमुपागतः ॥ अब्रवीत्स तदा तार्क्ष्य ! प्रेतराजो नृपं वचः ॥३०॥

बेठो. ॥२७॥ भगवान् कहे छे, हे गरुड ! पछी ए बभ्रुवाहन राजाए ए ठेकाणे आवी पहोंचनारा पिशाचोने देख्या, के जेओ क्षुधातृषाथी व्याकुल, जेओना वाळ ऊभा, जेओ अति मलिन छतां; शरीर निर्मांस होवाथी अति भयंकर हतां. ॥२८॥ ए रीतनां भयंकर पिशाचोने जोतां ज, ए राजाने अति आश्चर्य लाग्युं; वळी ए पिशाचोए पण ए भयंकर अरण्यमां राजाने जोयो. ॥२९॥ पछी अति उत्कंठित थइने तेमांना एक पिशाचे वातचीत करवाना हेतुथी राजा पासे आवीने, बोलवानो आरंभ कर्यो. ॥३०॥

हे राजन् ! आ अरण्यमां आपनो समागम थयो, तेथी हुं मारुं पिशाचपणुं तजीश, तथा उत्तम गतिने पण घणुं करीने पामी चुक्यो ज, एम धारतां, हुं आज अति कृतार्थ थयो. ॥३१॥ ए रीतनुं पिशाचनुं भाषण सांभळीने, राजा तेने कहेवा लाग्यो के हे पिशाच ! तारुं मों अति भयंकर अने शरीरनो वर्ण (रंग) अति काळो छे, तो, आवुं अमंगल पिशाचपणुं तने कया दुष्कर्मने लीधे प्राप्त थयुं ? ॥३२॥ तेमज प्रेतत्व पामवानुं कारण शुं ! विगेरे तारी सकल हकीकत मने यथास्थित कहे, तुं कोण छे ? कयुं दान करवाथी तारुं आ पिशाचपणुं नाश पामे ? ए सर्व मने कहे. ॥३३॥ राजानुं एवुं भाषण सांभळीने,

प्रेतभावो मया त्यक्तः प्राप्तोऽस्मि परमां गतिम् ॥ त्वसंयोगान्महाबाहो ! जातो धन्यतरोऽस्म्यहम् ॥३१॥

राजोवाचः—

कृष्णवर्ण करालास्य ! प्रेतत्वं घोरदर्शनम् ॥ केन कर्मविपाकेन प्राप्तं ते बह्वमंगलम् ॥३२॥
प्रेतत्वकारणं तात ! ब्रूहि सर्वमशेषतः ॥ कोऽसि त्वं केन दानेन प्रेतत्वं ते विनश्यति ॥३३॥

प्रेत उवाचः—

कथयामि नृपश्रेष्ठ ! सर्वमेवादितस्तव ॥ प्रेतत्वकारणं श्रुत्वा दयां कर्तुं त्वमर्हसि ॥३४॥
वैदशं नाम नगरं सर्वसंपत्समन्वितम् ॥ नानाजनपदाकीर्णं नानारत्नसमाकुलम् ॥३५॥
हर्म्यप्रसादशोभाढयं नानाधर्मसमन्वितम् ॥ तत्राहं न्यवसं तात ! देवार्चनरतः सदा ॥३६॥

ते प्रेते राजाने कह्युं के हे राजेन्द्र ! हुं तमने मारुं मूळथकी मांडीने सकल वृत्तांत कहुं छुं, मारा प्रेतपणानुं कारण सांभळतां ज, मारा पर दया करवाने तमे ज समर्थ छो. ॥३४॥ वैदश नामे एक नगर हतुं, ते सर्व प्रकारनी संपत्ति, नाना प्रकारना देश तथा नाना प्रकारनां रत्नोथी युक्त हतुं ॥३५॥ जे ठेकाणे मोटां मोटां राजगृहो हतां, तेमज जे ठेकाणे नाना प्रकारनी धर्मक्रियाओ थती हती, ए रीतना ए नगरमां देवार्चनमां तत्पर रहेनारो हुं वास करतो हतो. ॥३६॥

वैश्यो जात्या सुदेवोऽहं नाम्ना विदितमस्तु ते ॥ हव्येन तर्पिता देवाः कव्येन पितरस्तथा ॥३७॥
विविधैर्दानयोगैश्च विप्राः संतर्पिता मया ॥ दीनांधकृपणेभ्यश्च दत्तमन्नमनेकधा ॥३८॥
तत्सर्वं निष्फलं राजन् ! मम दैवादुपागतम् ॥ यथा मे निष्फलं जातं सुकृतं तद्वदामि ते ॥३९॥
मम वै संततिर्नास्ति न सुहृन्न च बांधवः ॥ न च मित्रं हि मे तादृग्यः कुर्यादौर्ध्वदेहिकम् ॥४०॥
यस्य न स्यान्महाराज ! श्राद्धं मासिकषोडशम् ॥ प्रेतत्वं सुस्थिरं तस्य दत्तैः श्राद्धशतैरपि ॥४१॥
त्वमौर्ध्वदेहिकं कृत्वा मामुद्धर महीपते ! ॥ वर्णानां चैव सर्वेषां राजा बन्धुरिहोच्यते ॥४२॥
तन्मां तारय राजेंद्र ! मणिरत्नं ददामि ते ॥ यथा मे सद्गतिर्भूयात्प्रेतयोनिश्च गच्छति ॥४३॥

श्य जातिमां मारो जन्म छतां मारु सुदेव एवुं नाम हतुं, में देव तथा पितरोने अन्न समर्पण करीने तेमने संतोषित कर्या. ॥३७॥ नाना प्रकारनां दानो आपीने, ब्राह्मणोने संतोषित कर्या. दीन, अंध तथा कृपणने अनेक प्रकारनां दान आपीने तेमने पण अनेक प्रकारे संतोषित कर्या. ॥३८॥ हे राजन्, ए रीते हुं उत्तम कर्म करतो हतो, तेम छतां मारा दुर्दैवने लीधे ते सर्व निष्फळ थयां, जे कारणथी निष्फळ थयां, ते पण हुं तमने कहुं छुं. ॥३९॥ हे राजा ! मारे संतति न हती, तथा सुहृत् ( मारा तरफनु पक्ष खेंचनारो ) बांधव विगेरे पण कोइ न हतो, के जेणे मारां उर्ध्वदेहादिक ( मूआ पछीनी श्राद्ध विगेरे क्रियाओ ) कर्म कर्यां होय. ॥४०॥ मृत्यु पामेला जे मनुष्यनुं षोडशमासिक ( सोळ मासिया ) नामनुं श्राद्ध थयुं न होय, ते ज मनुष्यने पहोंचवाना हेतुथी कदापि बीजा शणाय श्राद्ध करे, तो पण ते व्यर्थ जाय छे. ॥४१॥ माटे हे पृथ्वीपति राजा ! तमे मारी पाछळनां औंर्ध्वदेहादिक कर्म करीने मारो उद्धार करो, कारण के, चारे वर्णनो त्राता ( पिता तारनार ) राजा छे. ॥४२॥ माटे हे राजेन्द्र ! मारो उद्धार तमे करो, हुं तमने हीरा रत्नो आपुं छुं. ए उद्धार एवी रीतनो करो के जेथी मारुं पिशाचपणुं मटे. ॥४३॥

हे राजा ! मारुं भलुं करवानी जो आपनी इच्छा होय तो में जे कहुं ते प्रमाणे यथाविधि करो, हे राजा ! पिशाचपणुं अति नेष्ट छे; कारण के, ते योनिमां जन्म पामे एटले खावापीवाने समी रीते मळतुं नथी. ॥४४॥ आ वनमां उत्तम प्रकारनां फल तथा शीतळ अने स्वच्छ जल छे. परंतु तेमांनुं कांइ ज मने क्षुधाक्रांतने उपयोगमां आवतुं नथी. ॥४५॥ हुं मारा पिशाचपणाना निवारणनुं साधन (उपाय) तमने कहुं छुं. हे राजन् ! प्रथम तमे नारायणबली करो, पछी मारी सकल क्रियाओ करजो. ॥४६॥ ए रीतनां कर्म करशो, एटले मारुं प्रेतपणुं मटी जशे एमां संशय नथी, वेदना मंत्रोनुं

तथा कार्यं त्वया वीर ! मम चेदिच्छसि प्रियम् ॥ क्षुधातृषादिभिर्दुःखैः प्रेतत्वं दुःसहं मम ॥४४॥
स्वादुदकंफलं चारित वनेऽस्मिन् शीतलं शिवम् ॥ न प्राप्नोमि क्षुधार्तोऽहं तृषार्तो न जलं क्वचित् ॥४५॥
यदि मे हि भवेद्राजन्विधिर्नारायणो महान् ॥ तदाग्रे वेदमंत्रैश्च क्रिया सर्वौर्ध्वदेहिकी ॥४६॥
तदा नश्यति मे नूनं प्रेतत्वं नात्र संशयः ॥ वेदा मंत्रास्तपो दानं दया सर्वत्र जंतुषु ॥४७॥
सच्छास्त्रश्रवणं विष्णोः पूजा सज्जनसंगतिः ॥ प्रेतयोनिविनाशाय भवंतीति मया श्रुतम् ॥४८॥
अतो वक्ष्यामि ते विष्णुपूजां प्रेतत्वनाशिनीम् सुवर्णद्वयमानीय सुवर्णन्यायसंचितम् ॥
तस्य नारायणस्यैकां प्रतिमां भूप ! कल्पयेत् ॥४९॥

पठन (पाठ करवा के कराववा) स्वधर्मनुं आचरण, दान, सर्व प्राणी पर दया, ॥४७॥ वेदांतनुं श्रवण, भगवत्पूजा तथा साधुनो समागम विगेरे साधनो पिशाचपणानो नाश करनारां छे; एवुं में सांभळ्युं छे. ॥४८॥ प्रेतपणानो नाश करनारी विष्णुपूजा करवा विषे में तमने प्रथमना श्लोकमां भगवत्पूजा कही छे, ते पूजा जे विधिथी करवानी, ते विधि हुं तमने कहुं छुं न्यायथी मेळवेलुं बत्रीस मासा (पा गदियाणो अने ४ रती) सोनुं लइने तेनी एक लक्ष्मीनारायणनी प्रतिमा कराववी. ॥४९॥

पछी ए मूर्तिने बे पीळां वस्त्रो धारण करावीने, सर्व प्रकारनां आभरणो (घरेणा) थी भूपित (शणगारयुक्त) करवी पछी तेमने अनेक प्रकारनां सुवासित जलवडे स्नान करावीने, तेनुं अधिवासन (स्थापन) करीने पूजा करवी. ॥५०॥ ए मूर्तिना पूर्वे श्रीधर, दक्षिणे मधूसूदन, पश्चिमे वामन, उत्तरे गदाधर. ॥५१॥ वच्चोवच्च पितामह तथा महेश्वरनुं स्थापन करीने अनुक्रमे गंध, पुष्प विगेरे उपचारथी जूदी जूदी पूजा करवी. ॥५२॥ पछी प्रदक्षिणा करीने तथा अग्निमां होम करीने, सर्व देवोनी तृप्ति करवी. दूध, दहीं तथा घृत (घी) विगेरे पदार्थोंनी विश्वदेवने आहुति आपीने, तेमनुं संतर्पण करवुं. ॥५३॥

पीतवस्त्रयुगच्छन्नां सर्वाभरणभूषिताम् ॥ स्थापितां विविधैस्तोयैरधिवास्य यजेत्ततः ॥५०॥
पूर्वे तु श्रीधरं तस्या दक्षिणे मधुसूदनम् ॥ पश्चिमे वामनं देवमुत्तरे च गदाधरम् ॥५१॥
मध्ये पितामहं चैव तथा देवं महेश्वरम् ॥ पूजयेच्च विधानेन गंधपुष्पादिभिः पृथक् ॥५२॥
ततः प्रदक्षिणीकृत्य वह्नौ संतर्प्य देवतः ॥ घृतेन दध्ना क्षीरेण विश्वेदेवांश्च तर्पयेत् ॥५३॥
ततः स्नातो विनितात्मा यजमानः समाहितः ॥ नारायणाग्रे विधिवत्स्वां क्रियामौर्ध्वदेहिकम् ॥५४॥
आरभेत यथाशास्त्रं क्रोधलोभ विवर्जितः ॥ कुर्याच्छ्राद्धानि सर्वाणि वृषस्योत्सर्जनं तथा ॥५५॥
ततः पदानि विप्रेभ्यो दद्याच्चैव त्रयोदश ॥ शय्यादानं प्रदत्वा च घटं प्रेतस्य निर्वपेत् ॥५६॥

पछी यजमाने स्वस्थ अंतःकरणथी तत्पर थइने, स्नान करवुं, पछी नारायणनी आगळ और्ध्वदेहादिक क्रिया करवी. ॥५४॥ क्रोध तथा लोभनो त्याग करीने, सर्व कर्मो करवां. पछी सर्व श्राद्धो तथा वृषोत्सर्ग करवा. ॥५५॥ पछी पददान (वासणोनुं दान) तथा त्रयोदश (तेर) दान आपवां. पछी शय्यादान करीने, उदककुंभ-(पाणीथी पूर्णभरेलो) घडो) दान करवो. ॥५६॥

આ રીતનું એ પ્રેતનું ભાષણ સાંભળીને, રાજા ફરીથી પ્રશ્ન પૂછવા લાગ્યો, હે પ્રેત ! કુંભ શી રીતના કરવા તથા તેનું દાન શી રીતે કરવું ? વિગેરે સર્વ ક્રિયાઓ કૃપા કરીને મને કહો કારણ કે, કુંભદાન કરવાથી પ્રેતને મુક્તિની પ્રાપ્તિ થાય છે. ॥૫૭॥ એ રીતનાં રાજાનાં વાક્ય સાંભળીને, એ પ્રેત કહેવા લાગ્યું, હે રાજા ! તમે ઠીક પૂછયું, એનો ઉત્તર તમને કહું છું, તે સાંભળો, ઉદક કુંભદાન કરે, એટલે જીવ પ્રેતપણાથી મુક્ત થાય છે. ॥૫૮॥ પ્રેતના ઉદ્દેશથી જે કુંભદાન કહ્યું છે, તે સકલ અશુભોને નાશ પમાડનાર છતાં સકલ લોકોની દુર્ગતિનું નાશ કરનારું છે. ॥૫૯॥ ઉત્તમ સોનાનો કળશ કરીને, તેને વિષે

राजोवाचः—

कथं प्रेतघटं कुर्याद्द्यात्केन विधानतः ॥ ब्रूहि सर्वानुकंपार्थं घटं प्रेतविमुक्तिदम् ॥५७॥

प्रेत उवाचः—

साधु पुष्टं महाराज ! कथयामि निबोध ते ॥ प्रेतत्वं न भवेद्येन दानेन सुदृढेन च ॥५८॥

दानं प्रेतघटं नाम सर्वाशुभविनाशनम् ॥ दुर्लभं सर्वलोकानां दुर्गतिक्षयकारकम् ॥५९॥

संतप्तहाटकमयं तु घटं विधाय ब्रह्मेशकेशवयुतं सह लोकपालैः ॥

क्षीराज्यपूर्णविवरं प्रणिपत्य भक्त्या विप्राय देहि तव दानशतैः किमन्यैः ॥६०॥

ब्रह्मा मध्ये तथा विष्णुः शंकरः शंकरोऽव्ययः प्राच्यादिषु च तत्कंठे लोकपालान् क्रमेण तु ॥६१॥

संपूज्य विधिवद्राजन् ! धूपैः कुसुमचंदनैः ॥ ततो दुग्धाज्यसहितं घटं देयं हिरण्मयम् ॥६२॥

બ્રહ્મા, ઈશ (મહાદેવ), કેશવ ( વિષ્ણુ ) તથા બીજા લોકપાલોનું મંત્રવડે આવાહન કરીને, તે કુંભ, ઘૃત, દૂધ વિગેરેથી પૂર્ણ ભરીને, ભક્તિપૂર્વક ભગવત્પ્રાર્થના સહિત બ્રાહ્મણને સમર્પણ કરવો. એ રીતે કુંભદાન કરે, તો બીજાં દાન આપ્યાનું શ્રેય ( ફલ ) આવે છે. ॥૬૦॥ એ કુંભ પર દેવોના સ્થાપનની વિધિ કહું છું, એ ઘડાની વચ્ચોવચ્ચ બ્રહ્મદેવ, વિષ્ણુ અને શંકર, અને એ કુંભનાં પૂર્વાદિ કાંઠાઓએ ઇંદ્રાદિ લોકપાલોનું અનુક્રમે સ્થાપન કરવું. ॥૬૧॥ હે રાજા ! પછી ધૂપ, દીપ વગેરે ઉપચારોથી એ દેવોનું યથાવિધિ પૂજન કરવું, પછી દૂધ, ઘી સુદ્ધાં એ કુંભ બ્રાહ્મણને સમર્પણ કરવો. ॥૬૨॥

ए कुंभदान सर्वदानोमां मुख्य अने, महा पातकनो नाश करनारुं छे, माटे प्रेतपणाना नाशने अर्थे ए दान श्रद्धापूर्वक करवुं. ॥६३॥ भगवान् गरुडने कहे छे, हे गरुड ! ए रीते राजा ते पिशाचनी साथे भाषण करतो हतो, एटलामां ए राजानी सकल सेना आवी पहोंची. ॥६४॥ ते जोइ एटले ए पिशाच राजाने रत्नो आपी, नमस्कार करीने, पोते गुप्त थयो. ॥६५॥ राजा पण ए वनमांथी नीकळीने पोतीका नगरमां आव्यो, पछी जे जे रीते क्रिया करवानी प्रेते कह्युं हतुं ॥६६॥ ते ते रीते ए

सर्वदानाधिकं चैतन्महापातकनाशनम् ॥ कर्तव्यं श्रद्धया राजन्प्रेतत्वविनिवृत्तये ॥६३॥

श्री भगवानुवाचः—

एवं संजल्पतस्तस्य प्रेतेन सह काश्यप ! ॥ सेना जगामानुपदं हस्त्यश्वरथसंकुला ॥६४॥

ततो बले समायाते दत्वा राज्ञे महामणिम् ॥ नमस्कृत्य पुनः प्रार्थ्य प्रेतोऽदर्शनमेयिवान् ॥६५॥

तस्माद्वनाद्विनिष्क्रम्य राजापि स्वपुरं ययौ ॥ स्वपुरं च समासाद्य तत्सर्वं प्रेतभाषितम् ॥६६॥

चकार विधिवत्पक्षिन्नौर्ध्वदेहिकजं विधिम् ॥ तस्य पुण्यप्रदानेन प्रेतो मुक्तो दिवं ययौ ॥६७॥

श्राद्धेन परदत्तेन गतः प्रेतोऽपि सद्गतिम् ॥ किं पुनः पुत्रदत्तेन पिता यातीति चाद्भुतम् ॥६८॥

इतिहासमिमं पुण्यं शृणोति श्रावयेच्च यः ॥ न तौ प्रेतत्वमायातः पापाचारयुतावपि ॥६९॥

इति श्री गरुडपुराणे सारोद्धारे बभ्रुवाहनेन प्रेतसंस्कारो नाम सप्तमोऽध्यायः ॥७॥

राजाए पिशाचनुं और्ध्वदेहादिक कर्म कर्युं. पछी ए पुण्यना प्रभावथी मुक्त थइने, स्वर्गे गयो. ॥६७॥ हे गरुड ! बीजा कोइ रस्ते जनारे श्राद्ध कर्युं, तो पण मरनार मुक्त थयो, तो पुत्रे श्राद्धादि कर्मो कर्या होय तो, पहोंचवामां तथा मुक्त थवामां पूछवानुं ज शुं ? ॥६८॥ आ पुण्यकारक इतिहास जे सांभळे, अथवा संभळावे, ते कदापि पातकी हशे, तोपण मुक्त थशे.॥६९॥

इति श्री गरुडपुराणे सारोद्धारे बभ्रुवाहनप्रेतसंस्कार नाम सार्थ सप्तमोऽध्यायः ॥७॥

॥ अथ अष्टमोऽध्यायः ॥

गरुडजी भगवानने प्रश्न पूछे छे, हे प्रभु ! पुण्यवान पुरुषनी सकल उत्तरक्रिया तेना पुत्रे शी रीते करवी ? ते मने यथाविधि कहो. ॥१॥ भगवान कहे छे, हे गरुड ! तमे मनुष्योना हितने अर्थे उत्तम प्रश्न पूछयो, पुण्यवान् पुरुषोए जे कांइ करवुं ते योग्य छे ते हुं तमने कहुं छुं. ॥२॥ पुण्यवान् पुरुषे वार्धक्यकाले (घडपणमां) पोतीकुं शरीर व्याधियुक्त जाणतां ज, तथा ग्रहदशा प्रतिकूळ ( नडे एवी ) मालम पडतां ज, कानना छिद्रोनो रोध (आंगळीओ घालीने बंध करवाने) करीने तपास करतां, निरंतर धमकार देनारी प्राणश्रुति (कान बंध करवाथी जे धमकार संभळाय छे ते) बंध थयेली जोइने. ॥३॥ मृत्युकाल थडमां आव्यो

## ॥ अथ अष्टमोऽध्यायः ॥

गरुड उवाचः—

आमुष्मिकीं क्रियां सर्वां वद सुकृतिनां मम ॥ कर्तव्या सा यथा पुत्रैस्तथा च कथय प्रभो ! ॥१॥

श्री भगवानुवाचः—

साधु पुष्टं त्वया तार्क्ष्य ! मानुषाणां हिताय वै ॥ धार्मिकार्हं च यत्कृत्यं तत्सर्वं कथयामि ते ॥२॥

सुकृती वार्द्धके दृष्ट्वा शरीरं व्याधिसंयुतम् ॥ प्रतिकूलान्ग्रहांश्चैव प्राणघोषस्य चाश्रुतिम् ॥३॥

तदा स्वमरणं ज्ञात्वा निर्भयः स्यादतंद्रितः ॥ अज्ञातज्ञातपापानां प्रायश्चित्तं समाचरेत् ॥४॥

यदा स्यादातुरः कालस्तदा स्नानं समारभेत् ॥ पूजनं कारयेद्विष्णोः शालग्रामस्वरूपिणः ॥५॥

अर्चयेद्गंधपुष्पैश्च कुंकुमैस्तुलसीदलैः॥ धूपैर्दीपैश्च नैवेद्यैर्बहुभिर्मोदकादिभिः ॥६॥

दत्वा च दक्षिणां विप्रान्नैवेद्यादेव भोजयेत् ॥ अष्टाक्षरं जपेन्मंत्रं द्वादशाक्षरमेव च ॥७॥

एम जाणीते, मृत्युना भयथकी निर्भय थवुं, अने तत्काळ परलोकमां सुख पडवाना हितने अर्थे जे कांइ करवानुं होय ते विषे निरालस ( आळस वगर, हुशियार सावध) थवुं अने अजाणतां तथा जाणीने करेला पापोनुं प्रायश्चित्त करवुं. ॥४॥ जे समय काळ खरेखरो पासे आवतो जाय, ते समये स्नान करीने, शालीग्रामरूपी विष्णुनुं पूजन करवुं. ॥५॥ ते एम के भगवंतने, गंध, पुष्प, कुंकुम, तुलसीपत्र, धूप तथा नैवेद्य समर्पण करवुं. ॥६॥ ब्राह्मणने दक्षिणा आपवी, अष्टाक्षरी तथा द्वादशाक्षरी मंत्रनो जप करवो, नैवेद्यमांनो प्रसाद ग्रहण करवो. ॥७॥

विष्णु तथा शिवनुं नाम स्मरण करवुं, भगवाननुं नाम श्रवणेन्द्रिये सांभळवामां आवे तो सकल पापोनो नाश करे छे. ॥८॥ रोगी माणसनी पासे बांधवादिके शोक करवो नहीं, तेनी आगळ निरंतर पवित्र एवुं भगवाननुं नाम वारंवार उच्चारण करवुं ॥९॥ मत्स्य, कूर्म, वराह, नारसिंह, वामन, परशुराम, राम, कृष्ण, बुद्ध, तथा कल्की. ॥१०॥ ए दश नामनो उच्चार करवो. रोगी माणसनी पासे जे कोइ भगवाननुं नाम उच्चारण करे, तेने ज खरो बांधव जाणवो. ॥११॥ अन्तकाले जेनी वाणीमांथी मंगलकारक कृष्णनाम प्राप्त थाय छे, तेनां कोटयवधि महापातको तत्काल भस्म थाय छे. ॥१२॥ मरनार पुरुषे

संस्मरेच्छृणुयाच्चैव विष्णोर्नाम शिवस्य च ॥ हरेर्नाम हरेत्पापं नृणां श्रवणगोचरम् ॥८॥
रोगिणोऽतिक्रमासाद्य शोचनीयं न बांधवैः ॥ स्मरणीयं पवित्रं मे नाम ध्येयं मुहुर्मुहुः ॥९॥
मत्स्यः कूर्मो वराहश्च नारसिंहश्च वामनः ॥ रामो रामश्च कृष्णश्च बुद्धः कल्की तथैव च ॥१०॥
एतानि दश नामानि स्मर्तव्यानि सदा बुधैः ॥ समीपे रोगिणो ब्रूयुर्बांधवास्ते प्रकीर्तिताः ॥११॥
कृष्णेति मंगलं नाम यस्य वाचि प्रवर्तते ॥ तस्य भस्मीभवंत्याशु महापातककोटयः ॥१२॥
म्रियमाणो हरेर्नाम गृणन्पुत्रोपचारितम् ॥ अजामिलोऽप्यगाद्धाम किं पुनः श्रद्धया गृणन् ॥१३॥
हरिर्हरति पापानि दुष्टचित्तैरपि स्मृतः ॥ अनिच्छयापि संस्पृष्टो दहत्येव हि पावकः ॥१४॥
हरेर्नाम्नश्च या शक्तिः पापनिर्हरणे द्विज ॥ तावत्कर्तुं समर्थो न पातकं पातकी जनः ॥१५॥

पुत्रने बोलाववाना हेतुथी भगवन्नाम लीधुं, एटलामां अजामिल महा पातकी छतां पण वैकुंठ पाम्यो; तेम श्रद्धापूर्वक जे कोइ भगवन्नाम लेशे, तेने भगवान प्राप्त थशे, एमां संदेह छे के शुं ? ॥१३॥ कदापि दुष्ट अंतःकरणथी भगवन्नाम ले, तो पण जेम अबुद्धिपूर्वक अग्निनो स्पर्श करवाथी भस्म करे छे, तेम पापनो नाश करे छे. ॥१४॥ भगवन्नाममां पापोनो नाश करवानी जेटली शक्ति छे, तेटलां पाप पातकी पुरुषथी थइ शकतां नथी. ॥१५॥



७६

यमधर्म पोताना दूतोने कहे छे, 'हे दूतो ! जे नास्तिक छे, तेमने मारी पासे लावो, अने जे भगवन्नाम ले छे; तेने लावशो नहीं, ॥१६॥ अच्युतं केशवं विगेरे जे भगवन्नाम लेवानी जे ध्वनि छे, ते प्रमाणे जे कोइ स्मरण करता होय. ॥१७॥ तथा हे वासुदेव ! विगेरे जे कोइ उच्चारण करे, ते निष्पाप होवाथी तेमनो दूरथी ज त्याग करवो. तेनी पासे पण जशो नहीं. ॥१८॥ हे दूतो ! जेओ भगवद् चरणरूप कमलना मकरंद, (फूलमांहेनो मध जेवो रस) थकी निरंतर विरुद्ध थयेलां छतां दुष्ट छे,

किंकरेभ्यो यमः प्राहानयध्वं नास्तिकं जनम् ॥ नैवानयत भो दूताः ! हरिनामस्मरं नरम् ॥१६॥

अच्युतं केशवं रामनारायणं कृष्णदामोदरं वासुदेवं हरिम् ॥
श्रीधरं माधवं गोपिकावल्लभं जानकीनायकं रामचंद्रं भजे ॥१७॥

कमलनयन वासुदेव विष्णो धरणिधराच्युत शंखचक्रपाणे ! ॥
भव शरणमितिरयंतिये वै त्यज भट ! दूरतरेण तानपापान् ॥१८॥

तानानयध्वमसतो विमुखान्मुकुंदपादारविंदमकरंदरसादजस्रम्
निष्किंचनैः परमहंसकुलै रसज्ञैर्जुष्टाद्गृहे निरयवर्त्मनि बद्धतृष्णान् ॥१९॥

जिह्वा न वक्ति भगवद्गुणनामधेयं चेतश्च न स्मरति तच्चरणारविंदम् ॥
कृष्णाय नो नमति यच्छिर एकदापि तानानयध्वमसतोऽकृतविष्णुकृत्यान् ॥२०॥

तस्मात्संकीर्त्तनं विष्णोर्जगन्मंगलमंहसाम् ॥ महतामपि पक्षींद्र ! विद्ध्यैकांतिकनिष्कृतिम् ॥२१॥

तेने लावो. जे रस निष्किचन तथा रस जाणनारा पमरहंसोवडे सेवित छे, तथा नरकना द्वारभूत घरने विषे जे आसक्त थनारा छे, तेमने लावो, ॥१९॥ हे दूतो ! जेनी जीभे भगवद् गुणानुवाद थता न होय, जेनुं अंतःकरण भगवच्चरणकमळनुं चिंतवन करतुं न होय, जेनुं मस्तक एकेवार ईश्वर आगळ नमतुं न होय, एवा दुष्टोने झाली लावो. ॥२०॥ भगवान् कहे छे, हे गरुड, सकल जगतने मंगलकारक एवुं जे भगवानना गुणनुं कीर्तन ते मोटा मोटा पापोनुं प्रायश्चित्त जाणवुं. ॥२१॥

घणा प्रायश्चित्त कर्या छतां जो ते भगवान् थकी विमुख छे, तो तेने ए प्रायश्चित्तो पवित्र करतां नथी. ए बाबत दृष्टांत–मद्य ( दारु ) ना घडाने पवित्र करवा सारु कदापि तेमां पुष्कळ जळ घाले तोपण घडो पवित्र थतो नथी तेम. ॥२२॥ जे कोइ कृष्णना नामनुं स्मरण करे छे ते निष्पाप थइने नरक, यमधर्म तथा तेमना दूतने स्वप्नामां पण देखता नथी, ॥२३॥ जे पुरुष अंतःकाळे ब्राह्मणने गाय आपे छे अथवा भगवद् स्मरण करे छे ते मांस, हाडकां तथा रक्तवाळी वैतरणीमां पडतो नथी. ॥२४॥ माटे सकल पापोनुं हरण करनारुं विष्णुनुं नाम स्मरण करवुं अने गीता सहस्रनाम पठन ( वांचवां वंचाववां )

प्रायश्चित्तानि चीर्णानि नारायणपराङ्गमुखम् ॥ न निष्पुनंति दुर्बुद्धिं सुराकुंभमिवापगाः ॥२२॥
कृष्णानाम्ना न नरकं पश्यंति गतिकिल्बिषाः ॥ यमं च तद्भटांश्चैव स्वप्नेऽपि न कदाचन ॥२३॥
मांसास्थिरक्तवत्काये वैतरण्यां पतेन्न सः ॥ योंऽते दद्याद्द्विजेभ्यश्च नंदनंदन गामिति ॥२४॥
अतः स्मरेन्महाविष्णोर्नाम पापौघनाशनम् ॥ गीता सहस्रनामानि पठेद्वा शृणुयादपि ॥२५॥
एकादशीव्रतं गीता गंगांबु तुलसीदलम् ॥ विष्णोः पादांबु नामानि मरणे मुक्तिदानि च ॥२६॥
ततः संकल्पदद्येन्नं सघृतं च सकांचनम् ॥ सवत्सा धेनवो देयाः श्रौत्रियाय द्विजातये ॥२७॥
अंते जनो यद्ददाति स्वल्पं वा यदि वा बहु ॥ तदक्षयं भवेत्तार्क्ष्य ! यत्पुत्रश्चानुमोदते ॥२८॥

करवां अथवा सांभळवां. ॥२५॥ एकादशीनुं व्रत, गीता, गंगाजल, तुलसीपत्र, विष्णुनुं चरणोदक तथा भगवन्नाम ए सर्व अंतकाले मुक्ति आपनारां छे. ॥२५॥ हे गरुड ! अंतकाले घी सहित अन्न, सुवर्ण तथा वाछडी सहित गायनो संकल्प करीने वेदाध्ययनपूर्वक अग्निनी सेवा करनारा ब्राह्मणने समर्पण करवां. ॥२७॥ अंतकाले पुत्र जे जे थोडुं अथवा घणुं दान आपे छे, ते मरनारने सदाय अक्षय ( न खुटे एवुं ) थाय छे. ॥२८॥

पिता वगेरेना अंतकाले जे पुत्र मरनारना हाथथी सकल दानो करावे छे, ते सत्पुत्र जाणवो, एटला माटे ज धर्मवेत्ताओ पुत्र प्राप्त थवा बाबत चिंतन करे छे. ॥२९॥ अंतकाले पितानां नेत्र ठरडाएलां जोइने, पुत्रे पिताना प्रथम संग्रह करेला द्रव्य बाबत तृष्णा करवी नहीं. ॥३०॥ ज्यांसुधी पिता जीवता होय, त्यांसुधी सत्पुत्रे अति त्वराथी ( उतावळथी ) दान कराववां, दान करे एटले परलोके जनारो पुरुष मार्गे दुःख पामे नहीं. ॥३१॥ आतुरकाळे तथा ग्रहणनी पर्वणीए दान आपे, तो महत् फल प्राप्त थाय छे; माटे आतुरकाले तिलादि ( तल विगेरे ) अष्ट दान अवश्य करवां ॥३२॥ ते ए के तिल, लोह, हिरण्य

अंतकाले तु सत्पुत्रः सर्वदानानि दापयेत् ॥ यत्तदर्थं सुतो लोके प्रार्थ्यते धर्मकोविदैः ॥२९॥
भूमिष्ठं पितरं दृष्ट्वा अर्धोन्मीलितलोचनम् ॥ पुत्रैस्तृष्णा न कर्तव्या तद्धने पूर्वसंचिते ॥३०॥
स तद्ददाति सत्पुत्रो यावज्जीवत्यसौ चिरम् ॥ अतिवाहस्तु तन्मार्गे दुःखं न लभते यतः ॥३१॥
आतुरे चोपरागे च द्वयं दानं विशिष्यते ॥ अतोऽवश्यं प्रदातव्यमष्टदानं तिलादिकम् ॥३२॥
तिला लोहं हिरण्यं च कार्पासो लवणं तथा ॥ सप्तधानं क्षितिर्गाव एकैकं पावनं स्मृतम् ॥३३॥
एतदष्टमहादानं महापातकनाशनम् ॥ अंतकाले प्रदातव्यं श्रृणु तस्य च सत्फलम् ॥३४॥
मम स्वेदसमुद्भूताः पवित्रास्त्रिविधास्तिलाः ॥ असुरा दानवा दैत्यास्तृप्यंति तिलदानतः ॥३५॥

( सोनुं ), कपासिया, मीठुं, सप्तधाय, पृथ्वी अने गाय ए सर्व दानो आपे, तो ते प्रत्येक अति पावन जाणवां. ॥३३॥ ए आठ दान महापातकोनो नाश करनारां छे. अंतकाले ए दान करावे, तो ते थकी महत्फल प्राप्त थाय छे, ते तमने कहुं छुं ते सांभळो. ॥३४॥ हे गरुड ! त्रिविध तिल मारा परसेवा थकी उत्पन्न थाय छे, तेना दानने लीधे दैत्य, दानव तथा असुर संतुष्ट थाय छे. ॥३५॥

तिलाः श्वेतास्तथा कृष्णा दानेन कपिलास्तिला ॥ संहरंति त्रिधा पापं वाङ्मनःकायसंचितम् ॥३६॥
लोहदानं च दातव्यं भूमियुक्तेन पापिना ॥ यमसीमां न चाप्नोति न गच्छेत्तस्य वर्त्मनि ॥३७॥
कुठारो मुसलो दंडः खड्गश्च छुरिका तथा ॥ शस्त्राणि यमहस्ते च निग्रहे पापकर्मणाम् ॥३८॥
यमायुधानां संतुष्ट्यै दानमेतदुदाहृतम् ॥ तस्माद्द्याल्लोहदानं यमलोके सुखावहम् ॥३९॥
ऊरणः श्यामसूत्रश्च शुंडामर्कोऽप्युदुंबरः ॥ शेषंबलो महादूता लोहदादात्सुखप्रदाः ॥४०॥
शृणु तार्क्ष्य ! परं गुह्यं दानानां दानमुत्तमम् ॥ दत्तेन तेन तुष्यंति भूर्भुवः स्वर्गवासिनः ॥४१॥
ब्रह्माद्या ऋषयो देवा धर्मराजसभासदाः ॥ स्वर्णदानेन संतुष्टा भवंति वरदायकाः ॥४२॥
तस्माद्देयं स्वर्णदानं प्रेतोद्धरणहेतवे ॥ न याति यमलोकं स स्वर्गतिं तात ! गच्छति ॥४३॥

तिल श्वेत, कृष्ण, तथा कपिलवर्णना ( रंगना ) छे, के जे कायिक, वाचिक तथा मानसिक एवां त्रण प्रकारनां पापोनो नाश करे छे. ॥३६॥ भूमिए हाथ अडाडीने, बीजे जमणे हाथे लोढानुं दान करवुं, तेने लीधे ते प्राणी यमनी सीमा (सीमाडो) तथा मार्ग पण जोवा नथी पामतो. ॥३७॥ कुहाडो, मुशल, दंड, खड्ग, छरी तथा ए विगेरे शस्त्रो पातकी पुरुषना निग्रहने अर्थे यमे धारण कर्यां छे. ॥३८॥ ए दानमय धर्मना आयुधोने संतुष्ट करवाने अर्थे छे, माटे ए दान करवां, करे तो यमलोकमां अति सुख आपनारां थाय छे. ॥३९॥ ऊरण, श्यामसूत्र, शुंडामर्क, उदुंबर, तथा शेषंबल ए पांच महादूतो लोहदानने लीधे सुख आपनारा थाय छे. ॥४०॥ हे गरुड ! अति गोप्य (छानुं) छतां सर्व दानोमां अति उत्तम दान तमने कहुं छुं, ते सांभळो के जे दान आपवाथी भूलोक, भुवलोक अने स्वर्गलोकमां वास करनारा संतुष्ट थाय छे. ॥४१॥ ब्रह्मादि सर्व ऋषि, देव तथा धर्मराजानी सभामां वास करनारा सर्वे, सुवर्णना दानथी संतुष्ट थइने, वरदान आपवा योग्य प्रसन्न थाय छे. ॥४२॥ माटे प्रेतना उद्धारने अर्थे सुवर्णनुं दान करवुं; ते दान करे एटले यमलोके न जतां, स्वर्गलोके जाय छे. ॥४३॥



८०

चिरकाळ सत्यलोकमां वास करीने, पछी ते आ लोकमां राजा थाय छे; ते एवो के, रुपवान, धार्मिक, वक्ता (बोली जाणनारो) श्रीमान (पैसावाळो) तथा महापराक्रमी. ॥४४॥ कपाशियाना दानने लीधे यमदूत थकी भय उत्पन्न थतो नथी, मीठानुं दान करे तो यम थकी भय नष्ट थाय छे. ॥४५॥ लोढुं, कपाशिया, तल अने कंचनना दानने लीधे यमपुरमां रहेनारा चित्रगुप्तादि संतोष पामे छे. ॥४६॥ प्रकारना धान्यना दानथी धर्मराजा संतुष्ट थाय छे, तथा पाछळ कही गयेला त्रण दरवाजाओ पर रहेनारा पण संतुष्ट थाय छे. ॥४७॥ व्रीहि (डांगर, वरी), यव (जव), गहुं मग, अडद, कांग

चिरं वसेत्सत्यलोके ततो राजा भवेदिह ॥ रूपवान्धार्मिको वाग्मी श्रीमानतुलविक्रमः ॥४४॥
कार्पासस्य तु दानेन दूतेभ्यो न भयं भवेत् ॥ लवणं दीयते यच्च तेन नैव भयं यमात् ॥४५॥
अयोलवणकार्पासतिलकांचनदानतः ॥ चित्रगुप्तादयस्तुष्टा यमस्य पुरवासिनः ॥४६॥
सप्तधान्येप्रदानेन प्रीतो धर्मध्वजो भवेत् ॥ तुष्टा भवंति येऽन्येऽपि त्रिषु द्वारेष्वधिष्ठिताः ॥४७॥
व्रीहयो यवजोधूमा मुद्गा भाषाः प्रियंगवः चणकाः सप्तमा ज्ञेयाः सप्तधान्यमुदाहृतम् ॥४८॥
गोचर्ममात्रं वसुधा दत्तापात्रे विधानतः ॥ पुनाति ब्रह्महत्याया दृष्टमेतन्मुनीश्वरैः ॥४९॥
न व्रतेभ्यो न तीर्थेभ्यो नान्यद्दानाद्विनश्यति ॥ राज्ये कृतं महापापं भूमिदानाद्विलीयते ॥५०॥

तथा चणा ए सात धान्य जाणवां. ॥४८॥ जेटली जमीन पर एक बळद अथवा आखलानुं चामडुं पथराइ रहे, तेटली जमीन दानविधिथी सत्पात्र ब्राह्मणने आपे, तो ब्रह्महत्यादिक पातक थकी मुक्त थाय छे, एवु मोटा मोटा ऋषिओए कहेलुं छे. ॥४९॥ व्रत, तीर्थयात्रा तथा बीजां अनेक प्रकारेनां दान विगेरेथी पण राज्य करनारा राजाने लागेला महत् पाप नाश पामतां नथी, ए सकल पाप भूमिदानने लीधे नाश पामे छे. ॥५०॥



८१

जे पुरुष धान्यसंपन्न (जेमां दाणा ठीक पाकता होय एवी रसाळ) जमीननुं दान ब्राह्मणने आपे छे, ते देव तथा दैत्योमां मानवंत थइने, इन्द्रलोकने पामे छे. ॥५१॥ हे गरुड, बीजां दान अति अल्प फल आपनारां छे, अने पृथ्वीदान थकी प्राप्त थनारुं पुण्य दहाडे दहाडे वृद्धि पामे छे. ॥५२॥ जे भूमिपति छतां, ब्राह्मणने भूमिदान आपतो नथी, ते दरेक जन्ममां दरिद्री–थवा साथे, पोताने रहेवा सारु पोताना धणीपणावाळी झुंपडी पण पामतो नथी. ॥५३॥ हुं भूमिपति छुं, एवा अभिमानवाळो छतां, जे पृथ्वीनुं दान करतो नथी, ते ज्यांसुधी पृथ्वीने शेष धारण करे त्यांसुधी नरकमां वास करे छे.

पृथिवीं सस्यसंपूर्णां यो ददाति द्विजातये ॥ स प्रयातींद्रभुवने पूज्यमानः सुरासुरैः ॥५१॥
अत्यल्पफलदानि स्युरन्यदानानि काश्यप ॥ पृथिवीदानजं पुण्यमहन्यहनि वर्धते ॥५२॥
यो भूत्वा भूमिपो भूमिं नो ददाति द्विजातये ॥ स नाप्नोति कुटीं ग्रामे दरिद्रो स्याद्भवे भवे ॥५३॥
अदानाद्भूमिदानस्य भूपतित्वाभिमानतः ॥ निवसेन्नरके यावच्छेषो धारयते धराम् ॥५४॥
तस्माद्भूमीश्वरो भूमिदानमेव प्रदापयेत् ॥ अन्येषां भूमिदानार्थं गोदानं कथितं मया ॥५५॥
ततोऽतधेनुर्दातव्या रुद्रधेनुं प्रदापयेत् ॥ ऋणधेनुं ततो दत्वा मोक्षधेनुं प्रदापयेत् ॥५६॥
दद्याद्वैतरणीं धेनुं विशेषविधिना खग !॥ तारयंति नरं गावस्त्रिविधाच्चैव पातकात् ॥५७॥

॥५४॥ माटे पृथ्वीपतिए भूमिदान करवुं, जेनामां पृथ्वीदाननु सामर्थ्य नथी तेने सारु गौदान कहेलुं छे. ॥५५॥ प्रथम आठ दानमां जे धेनुदान (गौदान) कह्युं. ते करवुं, पण मृत्यु दुःख निवारणार्थे रुद्रधेनु, जाणोतां अजाण्या करज फीटवा सारु ऋणधेनु अने छेवट मोक्षधेनुनुं दान करवुं. ॥५६॥ हे गरुड ! पछी विशेष विधिपूर्वक वैतरणी धेनुनुं दान करवुं, हे गरुड ! ए रीते कह्या प्रमाणेनां गौदान करे, तो ए दान त्रिविध पाप थकी मुक्त करे छे. ॥५७॥



८२

बाल्यावस्थामां, कौमारावस्थामां, तारुण्यावस्थामां, वृद्धावस्थामां, जन्मांतरमां, ।।५८।। रात्रे, प्रातःकालमां मध्याह्ने तथा अपरान्हे (दिवसना एक वाग्या सुधीनो वखत) कायिक, वाचिक तथा मानसिक रीते थयेलां पाप थकी ।।५९।। कपिला जातिनी तथा दूधवाळी, अलंकार (घरेणां) वाळी तेमज वाछडी के वाछडा सहितनी गाय, तप तथा आचरवाळो ।।६०।। छतां वेदवेत्ता ब्राह्मणने आपे, तो ते आपनार मुक्त थाय छे. ए रीतनी आपेली गाय, आपनारने सकल पापना समुदाय थकी मुक्त करे छे. ।।६१।। चित्त स्वस्थ छतां आपे, तो एक गायनुं दान आतुर थया छतां आपे तो सो गायोनुं दान,

बालत्वे यच्च कौमारे यत्पापं यौवने कृतम् ॥ वयःपरिणतौ यच्च जन्मांतरेष्वपि ।।५८।।
यन्निशायां तथा प्रातर्यन्मध्याह्नापराह्नयोः संध्ययोर्यत्कृतं पापं कायेन मनसा गिरा ।।५९।।
दत्वा धेनुं सकृद्वापि कपिलां क्षीरसंयुताम् ।। सोपस्करां सवत्सां च तपोवृत्तसमन्विते ।।६०।।
ब्राह्मणे वेदविदुषि सर्वपापैः प्रमुच्यते ॥ उद्धरेदंतकालं स दातारं पापसंचयात् ।।६१।।
एका गौः स्वस्थचित्तस्य ह्यातुरस्य च गोशतम् ।। सहस्त्रं म्रियमाणस्य दत्तं वित्तविवर्जितम् ।।६२।।
मृतस्यैतत्पुनर्लक्षं विधिपूतं च तत्समम् ।। तीर्थपात्रसमोपेतं दानमेकं च लक्षधा ।।६३।।
पात्रे दत्तं च यद्दानं तल्लक्षगुणितं भवेत् ।। दातुः फलमनंतं स्यान्न पात्रस्य प्रतिग्रहः ।।६४।।
स्वाध्यायहोमसंयुक्तः परपाकविवर्जितः ।। रत्नपूर्णामपि महीं प्रतिगृह्य न लिप्यते ।।६५।।

मृत्युकाले अति आसक्त थइने आपे तो हजार गायोनुं दान ।।६२।। अने मरण पाम्या पछी विधि सहित लक्ष गायोनुं दान ए सर्व सरखुं फल आपनारां जाणवां. तीर्थयात्रादि कर्म करतां, सत्पात्रने आपेलुं एक गायनुं दान लक्षगणु थाय छे. ।।६३।। ए दान थकी आपनारने अनंत फल छतां, लेनारो दोषमुक्त थाय छे. ।।६४।। जे ब्राह्मण वेदाध्ययन तथा अग्निनी सेवा करतो होय, तेम छतां पारकुं अन्न तज्यो होय तेणे कदापि रत्नोथकी पूर्ण ढंकाइ गयेल पृथ्वीनुं दान लीधुं होय, तोपण तेने लेवा बाबतनो दोष लागतो नथी. ।।६५।।

63

ए बाबत दृष्टांत–जेम झेर उतारनारो मंत्र तथा टाढने दूर करनारो अग्नि, पोतपोतिकुं काम करवाने दूषित नथी तेम, ए गाय अपात्रने आपे डो आपनार नरकने पामे छे. ॥६६॥ तथा सो पेढीना पूर्वजो ज्ह्वां ए दान लेनारने नरकमां लइ जाय छे, माटे आत्मानुं हित इच्छनार पुरुषे अपात्रने दान आपवुं नहीं ॥६७॥ एक गाय एकने ज आपवी, घणाने आपवी नहीं ब्राह्मण गौदान लइने वेचे तो, अथवा तेतो ध्यय करीने, द्रव्यनो विभाग करे, तो ते सात पेढी सुधी कुलनो नाश करे छे. ॥६८॥ हे गरुड ! में तमने प्रथम वैतरणी नामे नदी कही, ते थकी प्राणीनो उद्धार थवा सारु हवे हुं तमने गौदाननो

विषशीतापहौ मंत्रवह्नि किं दौषभागिनौ ॥ अपात्रे सा च गौर्दत्ता दातारं नरकं नयेत् ॥६६॥
कुलैकशतसंयुक्तं ग्रहीतारं तु पापायेत् ॥ नापात्रे विदुषा देया आत्मनः श्रेय इच्छता ॥६७॥
एका ह्येकस्य दातव्या बहूनां कदाचन ॥ सा विक्रीता विभक्ता वा दहत्यासप्तमं कुलम् ॥६८॥
कथिता या तया पूर्वं तव वैतरणी नदी ॥ तस्या उद्धरणोपायं गोदानं कथयामि ते ॥६९॥
कृष्णां वा पाटलां वापि धेनुं कुर्यादलंकृताम् ॥ स्वर्णशृंगीं रोप्यखुरां कांस्यपात्रोपदोहिनीम् ॥७०॥
कृष्णवस्त्रयुगच्छन्नां कंठघंटासमन्वितम् ॥ कार्पासोपरि संस्थाप्य ताम्रपात्रं सचैलकम् ॥७१॥
यमं हैमं न्यसेत्तत्र लोहदंडसमन्वितम् ॥ कांस्यपात्रे घृतं कृत्वा सर्वं तस्योपरि न्यसेत् ॥७२॥

विधि कहुं छुं. ॥६९॥ काळी, राती अथवा धोळी गायने शणगारवी, ते एवी रीते ते, शिंगडां सुवर्णथी मढांववां, पगनी खरीओ रुपाथी मढाववी तथा दोहवानुं पात्र कांसानुं आपवुं. ॥७०॥ काळा रंगना बे लुगडांथी ढांकवी, गायनी कोटये घंटडी बांधवी ए गायनी पासे कपाशियानी उपर वस्त्र सुद्धांनुं तांबानुं पात्र मूकवुं. ॥७१॥ यमराजानी प्रतिमा (मूर्ति) सुवर्णनी करवी, तेनी पासे लोढानी दंड मूकवो, कांसाना वासणमां घी घालवुं, अने तेनी उपर प्रतिमा वगेरे स्थापन करवां. ॥७२॥

શેલડીનું નાવ કરવું એ નાવ સારાં લૂગડાં તથા સૂત્રથી વીંટી લેવું, પછી એક ખાડો ખોદીને તેમાં પાણી ભર્યા પછી, એ નૌકા તેમાં મેલવી. ॥૭૩॥ તે નાવમાં યમની પ્રતિમા સ્થાપન કરવી, પછી યથાવિધિ ગાયનો સંકલ્પ કરવો. ॥૭૪॥ પછી બ્રાહ્મણને અલંકાર તથા વસ્ત્રો સમર્પણ કરવાં, તથા તેમનું ગંધાદિ ઉપચારવડે પૂજન કરવું. ॥૭૫॥ પછી હાથમાં ગાયનું પુચ્છ પકડ્યા છતાં નાવમાં પગ મૂકીને બ્રાહ્મણની સન્મુખ હવેના શ્લોકમાં કહું છું તે પ્રમાણેનો મંત્ર ભણવો, ॥૭૬॥ હે જગન્નાથ હે શરણાગતવત્સલ, હું ભવરુપી સમુદ્રમાં નિમગ્ન થવા છતાં, શોક અને તાપથી ઊર્મિઓથી દુઃખી છું, તો મારું રક્ષણ કરો. ॥૭૭॥

नावमिक्षुमयीं कृत्वा पट्टसूत्रेण वेष्टयेत् ॥ गर्तं विधाय सजलं कृत्वा तस्मिन्क्षिपेत्तरिम् ॥७३॥

तस्योपरि स्थितां कृत्वा सूर्यदेहसमुद्भवाम् ॥ धेनुं संकल्पयेत्तत्र यथाशास्त्रविधानतः ॥७४॥

सालंकाराणि वस्त्राणि ब्राह्मणाय प्रकल्पयेत् ॥ पूजां कुर्याद्विधानेन गंधपुष्पाक्षतादिभिः ॥७५॥

पुच्छं संगृह्य धेनोस्तु नावमाश्रित्य पादतः ॥ पुरस्कृत्य ततो विप्रमिमं मंत्रमुदीरयेत् ॥७६॥

भवसागरमग्नानां शोकतापोर्मिदुःखिनाम् ॥ त्राता त्वं हि जगन्नाथः शरणागतवत्सलः ॥७७॥

विष्णुरूप द्विजश्रेष्ठ ! मामुद्धर महीसाखुर ! सदक्षिणा मया दत्ता तुभ्यं वैतरणीं नमः ॥७८॥

यममार्गे महाघोरे तां नदीं शतयोजनाम् ॥ तर्तुकामो ददाम्येतां तुभ्यं वैतरणीं नमः ॥७९॥

હે વિષ્ણુરુપી શ્રેષ્ઠ બ્રાહ્મણ) ભૂદેવ ! (આ પૃથ્વીપરના દેવ) તમે મારો ઉદ્ધાર કરો, મેં તમને દક્ષિણા સહિત વૈતરણી આપી છે, તે સ્વીકારો. એ રીતની બ્રાહ્મણની પ્રાર્થના કરીને પછી વૈતરણીની પ્રાર્થના કરવી. ॥૭૮॥ મહા ભયંકર યમમાર્ગમાં સો યોજનના વિસ્તારવાળા આપના પૂર્ણ પાત્રમાંથી સુખરુપ તરી જવાના હેતુથી હું આ ગોદાન કરું છું, હે વૈતરણી ! તમને નમસ્કાર હજો. ॥૭૯॥

घेनुके ! मां प्रतीक्षस्व यमद्वारमहापथे ॥ उत्तारणार्थं देवेशि ! वैतरण्यै नमोस्तु ते ॥८०॥
गावो मे अग्रतः संतु गावो मे संतु पृष्ठतः ॥ गावो मे हृदये संतु गवां मध्ये वसाम्यहम् ॥८१॥
या लक्ष्मीः सर्वभूतानां या च देवे प्रतिष्ठिता ॥ घेनुरूपेण सा देवी मम पापं व्यपोहतु ॥८२॥
इति मंत्रैश्च संप्ताध्ये सांजलिर्धेनुकां यमम् ॥ सर्व प्रदक्षिणीकृत्य ब्राह्मणाय निवेदयेत् ॥८३॥
एवं दद्याद्विधानेन यो गां वैतरणीं खग ! ॥ स याति धर्ममार्गेण धर्मराजसभांतरे ॥८४॥
स्वस्थावस्थशरीरे तु वैतरण्या व्रतं चरेत् ॥ देया च विदुषा धेनुस्तां नदीं तर्तुमिच्छता ॥८५॥
सा नायाति महामार्गे गोदानेन नदी खग ! ॥ तस्मादवस्यं दातव्यं पुण्यकालेषु सर्वदा ॥८६॥
गंगादिसर्वतीर्थेषु ब्राह्मणावसथेषु च ॥ चंद्रसूर्योपरागेषु संक्रांतौ दर्शवासरे ॥८७॥

पछी गायनी प्रार्थना करवी, हे धेनुका ! महान मार्गवाळा यमद्वारने विषे तमे मारी वाट जोजो. हे देवोना ईश ! तमारा पूर्ण पात्रमांथी सुखरुप उतरी जवा सारु हुं आपने लगतुं दान करुं छुं, तमने नमस्कार हजो. ॥८०॥ मारी आगळ, पाछळ अने हृदयमां गाय हजो, तेम ज गायोमां ज मारो वास हजो. ॥८१॥ सकल देवो तथा प्राणी मात्रमां जे लक्ष्मी वास करे छे ते ज तमे धेनुरुपे छो, मारां सर्व पाप दूर करो. ॥८२॥ ए रीतना मंत्र वडे यम तथा धेनुने हाथ जोडी प्रार्थना करी सर्वनी प्रदक्षिणा करीने ए सर्व ब्राह्मणने समर्पण करवां. ॥८३॥ पोतानुं एवी रीते जे पुरुष ब्राह्मणने वैतरणी नामनुं गौदान आपे छे. ते धर्ममार्गे थइने, धर्मराजानी सभाने पामे छे, ॥८४॥ पोतानुं शरीर नीरोगी होय त्यारे ज वैतरणी धेनुनुं दान करवुं. विद्वान पुरुषे ए नदीमांथी तरी जवा. सारु ए कर्म अवश्य करवुं. ॥८५॥ हे गरुड ! गौदान करे तो, ए नदी यममार्गमां आवती नथी माटे पुण्यकाले ए दान अवश्य करवुं. ॥८६॥ गंगादि तीर्थमां, ब्राह्मणादिकना घरमां, चन्द्रसूर्यना ग्रहण समये, अमावास्याए. ॥८७॥

अयन तथा विषुव संक्रांतिए, व्यतीपाते, युगारभादि तिथिओए तथा ते सिवाय बीजी पुण्यपर्वणीओए उत्तम थीते गोदान करवुं ।।८८।। जे वखत श्रद्धा उत्पन्न थयां छतां सत्पात्र मळे, ते ज पुण्यकाल जाणवो. संपत्ति (लक्ष्मी) अति चंचल (जती रहे एवी) छे. ।।८९।। शरीर अस्थिर छे, ऐश्वय (वैभव) चंचळ (सदा न रहे एवुं) छे, अने मृत्यु पासे छे. माटे धर्मसंचय (पुण्यनो संघरो) अवश्य करवो. ।।९०।। आपणी शक्ति प्रमाणे दान करवाथी अनंत थाय छे. ए दान कल्याणच्छु विद्वान पुरुषने आपवुं ।।९१।। थोडा खरचवाळुं परन्तु पोताने हाथे दान करे, तो ते अक्षय (अखूट)

अयने विषुवे चैव व्यतीपाते युगादिषु ॥ अन्येषु पुण्यकालेषु दद्याद्गोदानमुत्तमम् ॥८८॥
यदैव जातते श्रद्धा पात्रं संप्राप्यते यदा ॥ स एव पुण्यकालः स्याद्यतः संपतिरस्थिरा ॥८९॥
अस्थिराणि शरीराणि विभवो नैव शाश्वतः ॥ नित्यं सन्निहितो मृत्युः कर्तव्यो धर्मसंचयः ॥९०॥
आत्मवित्तानुसारेण तत्र दानमनंतकम् ॥ देयं विप्राय विदुषे स्वात्मनः श्रेय इच्छता ॥९१॥
अल्पेनापि हि वित्तेन स्वहस्तेनात्मने कृतम् ॥ तदक्ष्य्यं भवेद्दानं तत्कालं चोपतिष्ठति ॥९२॥
गृहीतदानपाथेयः सुखं याति महाध्वनि ॥ अन्यथा क्लिश्यते जंतुः पाथेयरहितः पथि ॥९३॥
यानि यानि च दानानि दत्तानि भुवि मानवैः ॥ यमलोकपथे तानि ह्युपतिष्ठंति चाग्रतः ॥९४॥
महापुण्यप्रभावेण मानुषं जन्म लभ्यते ॥ यस्तत्प्राप्य चरेद्धर्मं स याति परमां गतिम् ॥९५॥

थाय छे. अने ते ते पुरुषने तत्काल फलप्रद (फळ आपनार) थाय छे. ।।९२।। जे पुरुषे दानरुपी वळावो लीधो होय ते सुखरुपथी यमलोके जाय छे. जो वळावो न होत तो, जेम वाळवां वगरनो पुरुष मार्गमां क्लेश पामे छे, तेम जाणवुं. ।।९३।। माणसे आ पृथ्वीपर जन्म लइने, जे जे दान समर्पण कर्या होय ते ते यमलोकमां तेना आगळ आवीने उभां रहे छे ।।९४।। हे गरुड ! महा पुण्यना प्रभावे मनुष्यत्व प्राप्त थया छे. मनुष्यत्व प्राप्त थया छतां, जे पुरुष धर्मसंपादन (मेळववो) करे छे, ते उत्तम गतिने पामे छे. ।।९५।।

धर्मनो विधि न जाणतां जे धर्म करे छे, ते दुःख पामे छे. मनुष्यजन्मनुं मुख्य सार्थक्य धर्मनुं सेवन करवानुं छे, ॥९६॥ धन, पुत्र, कलत्र (स्त्री) शरीर तथा बांधव ए सर्वे अनित्य (हंमेशां न रहे ते) छे, एम समजोने, सौए धर्माचरण करवुं, ॥९७॥ ज्यांसुधी जीव त्यांसुधी पिता बंधु विगेरेनो स्नेह छे, परंतु मृत्यु पाम्या पछी सकल स्नेह कष्ट थाय छे. ॥९८॥ जीवतां छतां पण पोतानो हितकर्ता हुं पोतेज छुं एवुं वारंवार जाणवुं, एम जाणीने, जीवतां छतां जो पोताना हितका अर्थे दान कर्युं न होय, तो मुआ पछो कोइने सारु कोइ कोण करनार छे ? ॥९९॥ एम जाणीने, जे करवानुं होय ते दान पोते

अविज्ञाय नरो धर्मं दुःखमायाति याति च ॥ मनुष्यजन्मसाफल्यं केवलं धर्मसेवनम् ॥९६॥
धनपुत्रकलत्रादि शरीरमपि बांधवाः ॥ अनित्यं सर्वमेवेदं तस्माद्धर्मं समाचरेत् ॥९७॥
तावद्बंधुः पिता तावद्यावज्जीवति मानवः मृतानामतरं ज्ञात्वा क्षणात्स्नेहो निवर्तते ॥९८॥
आत्मैव ह्यात्मनो बंधुरिति विद्यान्मुहुर्मुहुः ॥ जीवन्नपीति संचिंत्य मृतानां कः प्रदास्यति ॥९९॥
एवं जानन्निदं सर्वं स्वहस्तेनैव दीयताम् ॥ अनित्यं जीवितं यस्मात्पश्चात्कोऽपि न दास्यति ॥१००॥
मृतं शरीरमुत्सृज्य काष्टलोष्टसमं क्षितौ ॥ विमुखा बांधवा यांति धर्मस्तमनुगच्छति ॥१०१॥
गृहादर्था निवर्तंते स्मशानात्सर्वबांधवाः ॥ शुभाशुभं कृतं कर्मगच्छंतमनुगच्छति ॥१०२॥

पोताने हाथे ज करवुं. जीवित अनित्य छे, पोते गयो के थइ चूक्युं, पाछळथी दान करनार कोइ नथी. ॥१००॥ शरीर मृत्यु पाम्युं एटले माटीनी गोळीओ प्रमाणे तथा काष्टप्रमाणे जाणवी ने बांधवादि जेनो त्याग करीने, विमुख थाय छे, मात्रध र्मज तेने सहाय करवा जाय छे. ॥१०१॥ द्रव्याणि सर्व पदार्थ घरमांथी छोडी ते जाय छे, बांधवादि श्मशानथी पाछा जाय छे. मात्र शुभाशुभ कर्म यममार्गे जनारा पुरुषनो पक्षापक्ष करवा जाय छे. ॥१०२॥

शरीर अग्निथी दग्ध थाय छे, कर्म साथे आवे छे. पुण्य, विगेरे जीव भोगवे छे. ॥१०३॥ आ दुःखकारक संसाररूपी महासागरमां कोइ बंधु (पक्ष नरनार) नथी. कर्म संबंधे स्वर्गादिकमां मळे छे, तथा कर्मोनो क्षय थाय एटले जन्म थया पछी (जीवतरमां) मळे छे. ॥१०४॥ माता, पिता, पुत्र, भाइ अने स्त्री विगेरे सर्व प्राणिओना समागम, परवे पाणी पीनारां माणसो तथा नदीना महापूरमां लाकडांनी पेठे चंचल जाणवो. (जेम के परबे पाणी पीवा आवेलां माणस एक एकने मळीने, सहज वारमां वीखराइ जाय छे; तथा नदीना पूरनां लाकडां थोडीवार साथे तणाय पछी, कोइने कोइ ठेकाणे काढी ले, अने

शरीरं वह्निना दग्धं कृतं कर्म सहास्थितम् ॥ पुण्यं वा यदि वा पापं भुंक्ते सर्वत्र मानवः ॥१०३॥
न कोऽपि कस्यचिद्बन्धुः संसारे दुःखसागरे ॥ आयाति कर्मसंबंधाद्याति कर्मक्षये पुनः ॥१०४॥
मातृपितृसुतभ्रातृबंधुदारादिसंगमः ॥ प्रपायामिव जंतूनां नद्यां काष्ठौघवच्चलः ॥१०५॥
कस्य पुत्राश्च पौत्राश्च कस्य भार्याधनं च वा ॥ संसारे नास्ति कः कस्य स्वयं तस्मात्प्रदीयताम् ॥१०६॥
आत्मायत्तं धनं यावत्तावद्विप्रे समर्पयेत् ॥ पराधीने धने जाते न किंचिद्वक्तुमुत्सहेत् ॥१०७॥
पूर्वजन्मकृताद्दानादत्र लब्धं धनं बहु ॥ तस्मादेवं परिज्ञाय धर्मार्थे दीयतां धनम् ॥१०८॥
धर्मात्संजायतेऽर्थश्च धर्मात्कामोऽभिजायते ॥ धर्म एवापवर्गाय तस्माद्धर्मं समाचरेत् ॥१०९॥

कोइने कोइ बीजे ठेकाणे काढी लेवाथी जुदां पडे छे तेम) ॥१०५॥ पुत्र, पौत्र, स्त्री, द्रव्य वगेरे कोनां ? एम मनने पूछतां निश्चय थाय छे के कोइ कोइनुं नथी; माटे स्वहस्ते दान करवुं. ॥१०६॥ मनुष्यना स्वाधीनमां ज्यांसुधी द्रव्य होय, त्यांसुधी दान करवुं. पराधीन थया पछी जरा पण बोली शकातुं नथी. ॥१०७॥ पूर्व जन्मे दान कर्याथी, आ जन्मे मनुष्यने द्रव्यनी प्राप्ति थाय छे; एम जाणीने धर्मार्थ द्रव्यनो विनियोग (खर्च) करवो. ॥१०८॥ धर्म थकी अर्थ, मोक्ष तथा सकल कामनाओनी प्राप्ति थाय छे. माटे मनुष्य मात्रे पोतपोतानो धर्म संपादन करवो. ॥१०९॥

घणा द्रव्यनो ढगलो दानमां आपवाथी धर्म (पुण्य) थतुं नथी. धर्म समये अति श्रद्धा होय तो. धर्म सफल थाय छे. पूर्वेना ऋषियो निष्किंचन (धन वगरना) छतां पण, मात्र श्रद्धाने लीधे ज स्वर्गे गया. ॥११०॥ पत्र (पांदडां,) पुष्प, फल तथा जल विगेरे मने जे पुरुष भक्तिभावथी समर्पण करे, ते ज हुं ग्रहण (स्वीकार, अंगीकार) करुं छुं; ॥१११॥ माटे विधि-पूर्वक दान अवश्य करवुं. थोडुं के घणुं द्रव्य खरचीने दान आप्युं होय, तो तेनी गणना (गणतरी) करवी नहीं. ॥११२॥ पिता मृत्युकालातुर थाय, ते समये जे पुत्र पिताना हाथथी दान करावे छे, ते पुत्र धर्मात्मा जाणवो. तेने देवो पूजे छे.

श्रद्धया धार्यते धर्मो बहुभिर्नार्थराशिभिः ॥ निष्किंचना हि मनुयः श्रद्धावंतो दिवं गताः ॥११०॥
पत्रं पुष्पं फलं तोयं यो मे भक्त्या प्रयच्छति ॥ तदहं भक्त्युपहृतमश्नामि प्रयतात्मनः ॥१११॥
तस्मादवश्यं दातव्यं तदा दानं विधानतः ॥ अल्पं बा बहु वेतीमां गणनां नैव कारयेत् ॥११२॥
धर्मात्मा च स पुत्रो वै दैवतैरपि पूज्यते ॥ दापयेद्यस्तु दानानि पितरं ह्यातुरं भुवि ॥११३॥
पित्रोर्निमित्तं यद्वित्तं पुत्रैः पात्रे समर्पितम् ॥ आत्मापि पावितस्तेन पुत्रपौत्रप्रपौत्रकैः ॥११४॥
पितुः शतगुणं पुण्यं सहस्रं मातुरेव च ॥ भगिनीदशसहस्रं सोदरे दत्तमक्षयम् ॥११५॥
न चैवोपद्रवा दातुर्न वा नरकयातनाः ॥ मृत्युकाले न च भयं यमदूतसमुद्भवम् ॥११६॥

॥११३॥ जे पुत्रे पोताना मावाप सारु द्रव्य खरच्युं तेणे पोताना पण पुत्र पौत्रादिको सहित देह पवित्र कर्यो एम जाणवुं. ॥११४॥ पिताना उद्देशथी द्रव्य खरचे तो सोगणुं, माताना उद्देशथी हजारगणुं, बहेनना उद्देशथी खरचे तो दशहजारगणुं अने बंधुना उद्देशथी खरचे तो अक्षय फल तथा पुण्यनी प्राप्ति थाय छे.॥११५॥ दान करनारने मायादि उपद्रव उत्पन्न थतो नथी. नरकयात्रा थती नथी, तथा मृत्युकाळे पण तेने भय जरा पण थतो नथी. ॥११६॥

पिता विगेरे आतुर छतां, द्रव्यना लोभथी पिताने पहोंचवा सारु दान धर्म करतो नथी, ते कृपण अने पापी पुरुष मृत्यु पाम्या पछी अति शोक करे छे. ॥११७॥ मरनारना पुत्र, पौत्र, बंधु, सगां तथा मित्र विगेरे तेना आतुरकाले दान आपता नथी, ते निश्चे ब्रह्मघातक जाणवा. ॥११८॥

इति श्री गरुडपुराणे सारोद्धारे आतुरदाननिरुपण नाम अष्टमोऽध्यायः ॥ ८ ॥

॥ अथ नवमोऽध्यायः ॥

गरुड प्रश्न पूछे छे, हे भगवान ! आपे मने आतुरकाले जे जे दान कराववानुं कह्यु, तेथी हुं पवित्र थयो छुं; परंतु खरेखरो

यदि लोभान्न यच्छंति काले ह्यातुरसंज्ञके ॥ मृताः शोचंति ते सर्वे कदर्याः पापिन खग !

पुत्रा पौत्राः सह भ्राता सगोत्राः सुहृदस्तु ये ॥ ददाति नातुरे दानं ब्रह्मघ्नास्ते न संशयः ॥११८॥

इति श्री गरुडपुराणे सारोद्धारे आतुरदाननिरुपणनामाष्टमोऽध्यायः ॥८॥

॥ अथ नवमोऽध्यायः ॥

गरुड उवाचः—

कथितं भवता सम्यग्दानमातुकालिकम् ॥ म्रियमाणस्य यत्कृत्यं तदिदानी वद प्रभो ! ॥१॥

श्री भगवानुवाचः—

शृणु तार्क्ष्य ! प्रवक्ष्यामि देहत्यागस्य तद्विधिम् ॥ मृता येन विधानेन सद्गतिं यांति मानवाः ॥२॥

कर्मयोगाद्यदा देही मुंचत्यत्र निजं वपुः ॥ तुलसीसन्निधौकुर्यान्मंडलं गोयेमन तु ॥३॥

तिलांश्चैव विकीर्याथ दर्भाश्चैव विनिक्षिपेत् ॥ स्थापयेदासने शुभ्रे शालग्रामशिलां तदा ॥४॥

मृत्युकाल पासे आवे, त्यारे शां शां कृत्य करवां ? ते हवे मने कृपा करीने कहो. ॥१॥ भगवान् कहे छे हे गरुड ! हवे तमने मनुष्य प्राणीनी देह त्याग थता वखतनो विधि कहुं छुं, के जे विधिथी मनुष्य मुआ पछी सद्गतिने पामे. ॥२॥ कर्मने योगे जे वखत जीव देहनो त्याग करे छे, ते वखत तुलसी वृक्षनी पासे गायना छाणथी चोका करवो. ॥३॥ पछी ते चोकामां दर्भ (डाभडो) तथा तल वेरवा, तेनी पासे सफेद आसन पर शालिग्रामनी शिला स्थापना करवी. ॥४॥

जेनी पासे पाप, भय तथा दोषनो नाश करनारी शालिग्रामनी शिला छतां मरण प्राप्त थाय, तो तेने निःसंशय मुक्ति प्राप्त थाय छे. ।।५।। संसारनो ताप दूर करनार तुलसी वृक्षनी छाया नीचे मरण प्राप्त थाय तो, दान कर्याथी जे मुक्तिनी प्राप्ति न थाय ते मुक्तिनी प्राप्ति थाय छे.।।६।। जेने घेर तुलसीनुं वृक्ष छे, तेनुं घर तीर्थ समान पवित्र जाणवुं.।।७।। तुलसीने मांजरो आवी होय तेम छतां, ते प्राणनो त्याग करे छे, ते कदापि सघळां पापोथी भरपूर होय, तो पण यम तेना सामुं जोइ शकतो नथी. ।।८।। तुलसीनुं पान मूक्या छतां, तलवाळा दर्भासनपर जे मरण पामे, ते कदापि पुत्रहीन होय, तो पण ते स्वर्गे

शालग्रामशिला यत्र पापदोषभयापहा ॥ तत्सन्निधानमरणान्मुक्तिर्जंतोः सुनिश्चिता ॥५॥
तुलसीविटपच्छाया यत्रास्ति भवतापहा ॥ तत्रैव मरणान्मुक्तिः सर्वदा दानदुर्लभा ॥६॥
तुलसीविटपस्थानं गृहे यस्यावतिष्ठते ॥ तद्गृहं तीर्थरूपं हि न यांति यमकिंकराः ॥७॥
तुलसीमंजरीयुक्तो यस्तु प्राणान्विमुंचति ॥ यमस्तं नेक्षितुं शक्तो युक्तं पापशतैरपि ॥८॥
तस्या दलं मुखे कृत्वा तिलदर्भासने मृतः ॥ नरो विष्णुपुरं याति पुत्रहीनोऽप्यसंशयः ॥९॥
तिलाः पवित्रास्त्रिविधा दर्भाश्च तुलसीरपि ॥ नरं निवारयंत्येते दुर्गतिं यांतमातुरम् ॥१०॥
मम स्वेदसमुद्भूता यतस्ते पावनास्तिलाः ॥ असुरा दानवा दैत्या विद्रवंति तिलैस्ततः ॥११॥
दर्भा विभुतिर्मे तार्क्ष्य ! मम रोमसमुद्भवाः ॥ अतस्तत्स्पर्शनादेव स्वर्गं गच्छंति मानवाः ॥१२॥

जाय छे. एमां संशय नथी. ।।९।। तल, दर्भ अने तुलसी ए त्रणे पवित्र छे, तेथी दुर्गतिए जतां, ए तिलादिक तेनुं निवारण करे छे. ।।१०।। हे गरुड ! मारा परसेवा थकी तल उत्पन्न थाय छे, माटे ते पवित्र जाणवां. तो तळनो उपयोग करवो, करे तो असुर, दानव तथा दैत्य त्यांथी पलायन (नासी जवुं) करे छे. ।।११।। दर्भ मारा रुआटांथी उत्पन्न थया छतां मारी विभूति छे; माटे हे गरुड ! तेनो स्पर्श थतां ज मनुष्य स्वर्गे जाय छे, ।।१२।।

दर्भना मूलमां ब्रह्मदेव, मध्य भागे विष्णु अने टोचे शंकर एवा त्रण देव दर्भमां स्थित छे. ॥१३॥ कुश ( डाभ ) अग्नि, मंत्र, तुलसी, धेनु (गाय) अने ब्राह्मण एओनो फरी फरी उपयोग करे, तो तेओ कोइ रीते अयोग्यताने पामतां नथी. ॥१४॥ परंतु पिंडदानमां वपरायेलो डाभ किर्माल्य थाय छे, ब्राह्मण एकोतिष्ठादि श्राद्धमां भोजन करे तो ते निर्माल्य थाय छे, नीच जातिना पुरुषना मुखमां मंत्र, तथा तेना घरमां तुलसी अने गाय होय, तो ते अपवित्र थाय छे, चितामांनो अग्नि अपवित्र थाय छे. ॥१५॥ गायना छाणथी लींपीने दर्भवडे संस्कारयुक्त करेला चोकामां मृत्यु पामनारने सुवाडवो, अंतरिक्ष ( अद्धर )

कुशमूले स्थितो ब्रह्मा कुशमध्ये जनार्दनः कुशाग्रे शंकरो देवस्त्रयो देवाः कुशे स्थिताः ॥१३॥

अतः कुशा वह्निमंत्रतुलसीविप्रधेनवः ॥ नैते निर्माल्यतां यांति क्रियमाणाः पुनः पुनः ॥१४॥

दर्भाः पिंडेषु निर्माल्याः ब्राह्मणाः प्रेतभोजने ॥ मंत्रा गौस्तुलसी नीचे चितायां च हुताशनः ॥१५॥

गोमयेनोपलिप्ते तु दर्भास्तरणसंस्कृते ॥ भूतले ह्यातुरं कुर्यादंतरिक्षं विवर्जयेत् ॥१६॥

ब्रह्मा विष्णुश्च रुद्रश्च सर्वे देवा हुताशनः मंडलोपरि तिष्ठंति तस्मात्कुर्वीत मंडलम् ॥१७॥

सर्वत्र वसुधा पूता लेपो यत्र विद्यते ॥ यत्र लेपः कृतस्तत्र पुनर्लेपेन शुध्यति ॥१८॥

राक्षसाश्च पिशाचाश्च भूता प्रेता यमानुगाः अलिप्तदेशे खट्वायामंतरिक्षे विशंति च ॥१९॥

जीव जवा देवो नहीं ॥१६॥ चोको करे एटले ते ठेकाणे ब्रह्मा, विष्णु, अग्नि, विगेरे देवो आवे छे, माटे चोको अवश्य करवो. ॥१७॥ पृथ्वी सदा पवित्र छे, परंतु जे ठेकाणे लींपीने उपयोग कर्यो होय, ते ठेकाणे फरीने लींपवाथी पवित्र थाय छे. ॥१८॥ राक्षस, पिशाच, भूत, प्रेत अने यमदूत ए सर्व वगर लींपीली जग्यामां; अंतरिक्ष के खाटला पाट पर प्रवेश करे छे. ॥१९॥

माटे अग्निहोत्रकर्म, श्राद्धकर्म, ब्रह्मभोजन तथा देवपूजा लींपीगुपीने पृथ्वी पवित्र कर्या विना करवां नहीं, तेमज मरणातुरने पण अलिप्त जग्याए सुवाडवो नहीं. ॥२०॥ माटे गायना छाणवडे लींपेली भूमिपर तेने सुवाडवो, अने मोंमां सुवर्ण तथा रत्न ए बेउ मूकवां, तथा शालिग्रामनुं चरणामृत मुखमां मूकवुं. ॥२१॥ जे मनुष्य शालिग्रामना चरणामृतनुं एक बिंदु पान करे, ते सर्व पापो थकी निर्मुक्त थइने, वैकुंठ पामशे. ॥२२॥ पछी महापातकोनो नाश करनारुं गंगोदक मुखमां मूकवुं के, जेथो करीने सकल तीर्थोना स्नाननुं तथा सकल प्रकारना दानोनुं फल प्राप्त थाय छे. ॥२३॥ शरीरने पवित्र करनारुं चांद्रा-

अतोऽग्निहोत्रं श्राद्धं च ब्रह्मभोज्यं सुरार्चनम् ॥ मंडलेन विना भूम्यामातुरं नैव कारयेत् ॥२०॥
लिप्तभूम्यामतः कृत्वा स्वर्णं रत्न मुखे क्षिपेत् ॥ विष्णोः पापोदकं दद्याच्छालग्रामस्वरूपिणः ॥२१॥
शालग्रामशिलातोयं यः पिबेद्बिंदुमात्रकम् ॥ सर्वपापनिर्मुक्तो वैकुंठभुवनं व्रजेत् ॥२२॥
ततो गंगाजलं दद्यान्महापातकनाशनम् ॥ सर्वतीर्थकृतस्नानदानपुण्यफलप्रदम् ॥२३॥
चांद्रायणं चरेद्यस्तु सहस्रं कायशोधनम् ॥ पिबेद्यश्चैव गंगांभः समौ स्यातामुभावपि ॥२४॥
अग्निं प्राप्य यथा तार्क्ष्य ! तूलराशिर्विनश्यति ॥ तथा गंगांबुपानेन पातकं भस्मसाद्भवेत् ॥२५॥
यस्तु सूर्यांशुसंतप्तं गांगं य सलिलं पिबेत् ॥ स सर्वयोनिनिर्मुक्तः प्रयाति सदनं हरेः ॥२६॥
नद्यो जलावगाहेन पावयंतीतरा जनान् ॥ दर्शनात्स्पर्शनात्पानात्तथा गंगेति कीर्तनात् ॥२७॥

यण व्रत हजार वखत करे, के गंगाजलनुं पान करे तो ए बेउना पुण्य समान छे. ॥२४॥ अग्निमां रू पडतां ज जेम नाश पामे छे, तेम गंगोदकनुं पान (पीवुं) करवाथी सकल पातको भस्म थाय छे. ॥२५॥ जे मनुष्य सूर्यकिरणथी तपेला गंगोदकनुं पान करशे ते सकल पापो थकी मुक्त थइने, विष्णुना वैकुंठने पामशे. ॥२६॥ बीजी सकल नदीओ तेमां स्नान करवाथी पवित्र करे छे; अने गंगा तो दर्शन, स्पर्शन, पान अने कीर्तन ए चारमांनी कोइ पण क्रियाथी. ॥२७॥



९४

सहस्त्राब्धि ( हजारो ) पातकी पुरुषोने मुक्त करे छे, माटे संसार थकी तारनारुं एवुं जे गंगानुं उदक ( जल ) तेनुं पान करवुं. ॥२८॥ कंठःप्राण समये जे मनुष्य गंगा गंगा एवो जप करे छे, ते मूआ पछी विष्णुना पुरने पामे छे. ते पृथ्वीपर फरीथी जन्म पामतो नथी. ॥२९॥ प्राणोत्क्रमण ( मृत्यु ) समये श्रद्धा सहित मनवडे जे जन गंगानुं चिंतन करशे, ते पण उत्तम गतिने पामशे. ॥३०॥ माटे गंगानुं ध्यान करवुं, गंगानुं मानसिक स्मरण करवुं अने तेमना जलनुं पान करवुं. पछी मोक्ष आपनारुं भागवत बनी शके तेटलुं श्रवण करवुं. ॥३१॥ मृत्युकाले जे जन श्लोक, अर्धो श्लोक अथवा पा श्लोक भागवतनो

पुनात्यपुण्यान्पुरुषान् शतशोऽय सहस्रशः ॥ गंगातस्मात्पिबेत्तस्या जलं संसारतारकम् ॥२८॥
गंगा गंगेति यो ब्रूयात्प्राणैः कंठगतैरपि ॥ मृतो विष्णुपुरं याति न पुनर्जायते भुवि ॥२९॥
उत्क्रामद्भिश्च यः प्राणैः पुरुषः श्रद्धयान्वितः ॥ चिंतयेन्मनसा गंगां सोऽपि याति परां गतिम् ॥३०॥
अतो ध्यायेन्नमेद्गंगां संस्मरेत्तज्जलं पिबेत् ॥ ततो भागवतं किंचिच्छृणुयान्मोक्षदायकम् ॥३१॥
श्लोकं श्लोकार्धपादं वा योऽन्ते भागवतं पठेत् ॥ न तस्य पुनरावृत्तिर्ब्रह्मलोकात्कदाचन ॥३२॥
वेदोपनिषदां पाठाच्छिवविष्णुस्तवादपि ॥ ब्राह्मणक्षत्रियविशां मरणं मुक्तिदायकम् ॥३३॥
प्राणप्रयाणसमये कुर्यादर्शनशनं खग ! ॥ दद्यादातुरसंन्यासं विरक्तस्य द्विजन्मः ॥३४॥
संन्यस्तमिति यो ब्रूयात्प्राणैः कंठगतैरपि ॥ मृतो विष्णुपुरं याति न पुनर्जायते भुवि ॥३५॥

उच्चारण करे छे तेनो मोक्ष थकी पुनर्जन्म ( फरी जन्म ) थतो नथी. ॥३२॥ ब्राह्मणे वेद अने उपनिषदो भणी जवां, क्षत्री आदिकोए शिव तथा विष्णुनुं स्तवन ( स्तुति ) करवुं, एटले तेथी तेमने अंतकाळे मुक्तिनी प्राप्ति थाय छे. ॥३३॥ भगवान् कहे छे; गरुड ! प्राणना प्रयाण समये उपवास करवो. अने वैराग्य पाळनारा ब्राह्मणने आतुर संन्यास आपवो. ॥३४॥ कंठे प्राण होय त्यांसुधी हुं संन्यासी छुं एम जे पुरुष कहे छे, ते मुआ पछी वैकुंठमां जाय छे, तेने फरी जन्म लेवानो नथी. ॥३५॥

ए रीते जेनो विधि थया छतां, जे धार्मिक छे, तेनो प्राण सुखपूर्वक ऊर्ध्व छिद्रोए थइने जाय छे. ॥३६॥ मुखनुं छिद्र १, चक्षुनां २, नासिकानां २ तथा कर्णनां २, ए रीतनां उर्ध्व छिद्रो सात छे. पुण्यवान्‌नो प्राण ए सात छिद्रोमांना कोइ पण छिद्रो अथवा छिद्रे थइने जाय छे ॥३७॥ प्राण तथा अपान ए वायु नाभि स्थळमां मळेलां छतां, जे वखते तेओ जूदा पडे छे, ते वखते प्राणरूपी वायु सूक्ष्म थइने, शरीरमांथी नीकळी जाय छे. ॥३८॥ पछी शरीर नीचे पडे छे, ते एम के जेम एकादुं वृक्ष निराधार थवाथी नीचे पडे छे, तेम. ॥३९॥ प्राणे शरीरनो त्याग कर्यो, एटले ते तत्काल चेष्टाहीन छतां निंद्य थाय छे, तथा

एवं जातिविधानस्य धार्मिकस्य तदा खग ! ॥ ऊर्ध्वच्छिद्रेण गच्छंति प्राणास्तस्य सुखेन हि ॥३६॥
मुखं च चक्षुषी नासे कर्णौ द्वाराणि सप्त च ॥ एभ्यः सुकृतिनो यांति योगिनस्तालुरंध्रतः ॥३७॥
अपानान्मिलितप्राणौ यदा हि भवतः पृथक् ॥ सूक्ष्मीभूत्वा तदा वायुर्विनिष्कामति पुत्तलात् ॥३८॥
शरीरं पतते पश्चान्निर्गते मरुतीश्वरे ॥ कालाहतं पतत्येवं निराधारो यथा द्रुमः ॥३९॥
निर्विचेष्टं शरीरं तु प्राणैर्मुक्तं जुगुप्सितम् ॥ अस्पृश्यं जायते सद्यो दुर्गंधं सर्वनिंदितम् ॥४०॥
त्रिधावस्था शरीरस्य कृमिविड्भस्मरूपतः ॥ किं गर्वः क्रियते देहे क्षणविध्वंसिभिर्नरैः ॥४१॥
पृथिव्यां लीयते पृथ्वी आपश्चैव तथाऽप्सु च ॥ तेजस्तेजसि लीयेत समीरस्तु समीरणे ॥४२॥

तत्काल अस्पृश्य तथा दुर्गंधयुक्त थइने, सर्व निंदित थाय छे. ॥४०॥ हे गरुड! आ देहनी त्रण अवस्थाओ छे; ते एवी के बाळ्यो न होय तो तेने कीडा पडे छे, बाळे तो भस्म थाय छे तथा बीजा जीवो खाय तो तेनी विष्टा थाय छे, ए रीते आ शरीर क्षणिक छतां, मनुष्यो गर्व शा माटे करे छे? ॥४१॥ प्राण जाय एटले पृथ्वीना अंशनो लय पृथ्वीमां, (उदक-(जल) नो उदकमां, तेजनो तेजमां तथा वायुनो वायुमां लय थाय छे. ॥४२॥

आकाशनो अंश आकाशमां लय थाय छे, परमेश्वर रूपी परब्रह्म सर्वत्र व्यापक छे, के जे नित्य मुक्त जगत्साक्षी अने अजरामर छे. ॥४३॥ अने जीव सर्वे इंद्रिओ युक्त छतां, शब्दादि विषयथी विंटाएलो छे, तथा काम, राग विगेरेथी युक्त छतां कर्म रूपी कोष-( पडदा ) वाळो छे. ॥४४॥ ए रीतनो जीव पुण्यवासनावाळो थइने स्वकर्म प्राप्त थयेला देहमां प्रवेशित थाय छे, ए बाबत दृष्टांत-जेम एकादुं प्रथमनुं घर बळी जाय, एटले बीजा घरमां प्रवेश करे छे तेम ॥४५॥ ते वखत जेने लगती

आकाशश्च तथाकाशे सर्वव्यापी च शंकरः ॥ नित्यमुक्ता जगतसाक्षी आत्मादेहष्वजाऽमर ॥४३

सर्वेन्द्रिययुतो जीवः शब्दादिविषयैर्वृतः ॥ कामरागादिभिर्युक्तः कर्मकोषसमन्वितः ॥ ४४॥

पुण्यवासनया युक्ता निर्मिते स्वेन कर्मणा ॥ स प्रविष्य नवे देहे गृहे दग्धे यथा गृहीं ॥४५॥

तदा विमानमादाय किंकिणीजालमालि यत् ॥ आयांति देवदूताश्च लसच्चामरशोभिताः ॥४६॥

धर्मतत्त्वविदः प्राज्ञाः सदा धार्मिकवल्लभाः ॥ तदैनं कृतकृत्यं स्वविमानेन नयंति ते ॥४७॥

सुदिव्यदेहो विरजांबरस्त्रक्सुवर्ण रत्नाभरणैरुपेतः ॥

दानप्रभावात्स महानुभावः प्राप्नौति नाकं सुरपूज्यमानः ॥४८॥

इति श्रीगरुडपुराणे सारोद्धारे म्रियमाणकृत्यनिरूपणो नाम नवमोऽध्यायः ॥९॥

नानी घंटडीओ होय छे, एवुं विमान लइने, चामरादिकथी सुशोभित एवा देवदूतो आवे छे. ॥४६॥ जे देवदूत धर्म तत्ववेत्ता छतां जेओने धार्मिक जेने अति प्रिय छे, एवा भगवानना पार्षद आवीने, तेने विमानमां बेसाडीने, स्वर्गे लइ जाय छे. ॥४७॥ ते समये दिव्य देह धारण करीने; तथा गळामां पुष्पमाळा घालीने, देवोमां मनायेलो एवो ए जीव स्वर्गे जाय छे. ॥४८॥

इति श्री गरुडपुराणे सारोद्धारे म्रियमाणकृत्यनिरुपणानाम नवमोऽध्यायः ॥९॥

|| अथ दसमोऽध्यायः ||

गरुड भगवानने प्रश्न पूछे छे के, हे प्रभु ! पुण्यवानननो देह दहन करवानुं विधान मने कहो, तथा पतिव्रता स्त्रीनो महिमा कहो. ||१|| भगवान् कहे छे, हे गरुड ! हुं तमने और्ध्वदेहिक कर्मनो सकल विधि कहुं छुं, के जे करवाथी पुत्र पौत्रादि पितृऋण थकी मुक्त थाय छे. ||२|| घणुं दान करवाथी फल शुं ? पुत्रे पोताना माबापनां अंत्येष्टी ) दश श्राद्धादि कर्म ) अवश्य करवां, के जे करवाथी पुत्रने अग्निष्टोमना सदृश फल प्राप्त थाय. ||३|| माटे ते समये पुत्रे शोकनो त्याग करीने, सकल पाप

## || अथ दशमोऽध्यायः ||

गरुड उवाचः—

देहदाहविधानं च वद सुकृतिनां विभो || सती यदि भवेत्पत्नी तस्याश्च महिमां वद ||१||

श्री भगवानुवाचः—

शृणु तार्क्ष्य ! प्रवक्ष्याभि सर्वमेवोर्ध्वदेहिकम् || यत्कृत्वा पुत्रपौत्राश्च मुच्येते पैतृकादृणात् ||२||

किं दत्तैर्बहुभिर्दानैः पित्रोरंत्येष्टिमाचरेत् || तेनाग्निष्टोमसदृशं पुत्रः फलमवाप्नुयात् ||३||

तदा शोकं परित्यज्य कारयेन्मुंडनं सुतः || समस्तबांधवैर्युक्ताः सर्वपापानुत्तये ||४||

मातापित्रोर्मृतौ येक कारितं मुंडनं नहि || आत्मजः स कथं ज्ञेयः संसारार्णवतारकः ||५||

अतो मुंडनमावश्यं नखकक्षविवर्जितम् || ततः स बांधावः स्नात्वा धौतवस्त्राणि धारयेत ||६||

सद्यो जलं समानीय ततस्ततं स्नापयेच्छवम् || मंडयेतच्चंदनैः स्त्रग्भिर्गंगामृत्तिकयाऽथवा ||७||

थकी मुक्त थवा सारु बांधवो सहित मुंडन ( हजामत ) करावची. ||४|| माता के पिता मृआ छतां, पुत्र मुंडन करावे नहीं तो तेने संसार थकी मुक्त करनारो शी रीते जाणवो ? ||५|| माटे पुत्रे नख अने बगल मांहेना वाळ कढावीने मुंडन करावबुं पछी सकल बांधवो सहित स्नान करीने. धोएलां वस्त्र पहेरवां. ||६|| पछी पाणी आणीने ए प्रेतने स्नान करावबुं, अने तेना शरीरे चंदन तथा गंगानी मृत्तिका चोपडीने तेने पुष्पोनी मालाओ घालवी. ||७||



८८

અને નવીન વસ્ત્રવડે આચ્છાદાન કર્યા પછી નામ તથા ગોત્રનો ઉચ્ચાર કરીને, સંકલ્પપૂર્વક દક્ષિણા સહિત અપસવ્યપણે ॥૮॥ મૃતસ્થાને મરનારના નામથી જ પિંડદાન કરવું. એટલે પૃથ્વીના અધિષ્ઠાતા દેવ સંતુષ્ટ થાય છે. ॥૯॥ પછી ઘરના બારણા આગળ પિંડ આપવો; એટલે એ પિંડથી ભૂતગણમાંના જે દુર્ગત એટલે ગતિનો અવરોધ કરનારા હોય છે, તે સંતુષ્ટ થાય છે. ॥૧૦॥ પછી ઘરમાંની પુત્રવધૂઓ વગેરેએ તેને પ્રદક્ષિણા કરીને તેનું પૂજન કરવું. પછી બીજા બાંધવો સહિત પુત્રે તે પ્રેતને ખભે

नवीन वस्त्रैः संच्छाद्य तदा पिंड सदक्षिणाम् ॥ नामगोत्रे समुच्चार्य संकल्पोनापसव्यतः ॥८॥
मृत्युस्थाने शवो नाम तस्य नाम्ना प्रदापयेत ॥ तेन भूमिर्भवेत्तुष्टा वधधिष्ठातृदेवता ॥९॥
द्वारदेशे भवेत्पांथस्तस्यय नाम्ना प्रदापयेत ॥ तेन नैवोपघाताय सूतकोटिषु दुर्गताः ॥१०॥
ततः प्रदक्षिणां कृत्वा पूजनीयः स्नुषादिभिः ॥ स्कंधः पुत्रेण दातव्यस्तदाऽन्ययैर्बांधवैः सह ॥११॥
धृत्वा स्कंधे स्वपितरं यः श्मशानाय गच्छति ॥ सोऽश्वमेधफलं पुत्रो लभते च पदे पदे ॥१२॥
नीत्वा स्कंधे स्वपृष्ठेंऽके सदा तातेन लालितः ॥ तदैव तद्दणान्मुच्येन्मृतं स्वपितरं वहेत् ॥१३॥
ततोऽर्धमार्गे विश्रामं संमार्ज्याभ्युक्ष्य कारयेत् ॥ संस्नाप्य भुतसंज्ञाय तस्मै तेन प्रदापयेत ॥१४॥

લેવું. ॥૧૧॥ જે પુત્ર પોતાના બાપને ખભાપર સ્મશાનમાં લઇ જાય છે, તેને ડગલે ડગલે અશ્વમેધ યજ્ઞ કર્યાનું ફલ પ્રાપ્ત થાય છે ॥૧૨॥ પુત્રનો બાલ્યાવસ્થામાં પિતાએ તેને ખભે તથા ખોળામાં લઇને તેને લાડ કરેલાં માટે તે પુત્રે તેના અંતકાલે તેને પોતાના ખભે કરીને સ્મશાનમાં લઇ જવાથી, પુત્ર પિતૃઋણ થકી મુક્ત થાય છે. ॥૧૩॥ પછી માર્ગમાંથી સ્મશાનમાં જાય તે વખતે તે ઠેકાણે જળવડે પૃથ્વીને પવિત્ર કરીને, પ્રેતને સ્નાન કરાવીને, ભૂત નામના પ્રેતને પિંડદાન કરવું. ॥૧૪॥

(૮૮

पिशाच, राक्षस, अने त्यांनी दिशाओनो आश्रय करीने निवास करनाराओ ए सर्वने पिंडदान आपवुं, ए पिंडदान न करे तो, त्यांना पिशाचादि ए प्रेततुं मांस भक्षीने दहन करवामां अयोग्यता संपादन करे छे. ॥१५॥ पछी प्रेततुं माथुं उतर तरफ राखवुं, अने दहन करवा सारु स्थळ शोधी कहाडवुं. ॥१६॥ ते एवुं के, जळवडे भूमि शुद्ध करीने, गायना छाणथी लींपीने, ए ठेकाणेनी थोडीक माटी अंगूठा तथा टचली आंगळीनी जोडेनी आंगळी भेगां करीने; उपाडी लइ, पवित्र करी, ते ठेकाणे विधिपूर्वक अग्निनी स्थापना करवी. ॥१७॥ पछी ते अग्निनी पुण्याक्षतैरथा क्रव्याद् एवा नामथी पूजा करवी, अने घीथी

पिशाचा राक्षसा यक्षा ये चान्ये दिक्षु संस्थिताः ॥ तस्य हेतव्यदेहस्य नैवयोग्यत्कारकाः ॥१५॥
ततो नीत्वा श्मशानेषु स्थापयेदुत्तरामुखम् ॥ तत्र देहस्य दाहार्थं स्थलं संशोधयेद्यथा ॥ १६॥
संमार्ज्य भुमिं संलिप्योलिख्योद्धृत्य च वेदिकाम ॥ अभ्युक्ष्योपसमाधाय वह्निं तत्र विधानतः १७॥
पुष्पाक्षतैरथाभ्यर्च्य देव क्रव्यादसंज्ञकम् ॥ लोमभ्यस्त्वनुवाकेन होमं कुर्याद्यथाविधि ॥१८॥
त्वं भुतमृज्जगद्योनिस्त्वं भुतपरिपालिकः ॥ मृतः संसारिकस्तस्मादेनं त्वं स्वर्गतिं नय ॥१९॥
इति संप्रार्थयित्वाग्निं चितां तत्रैव कारयेत् ॥ श्रीखंडतुलसीकाष्ठैः पलाशाश्वत्थदारुभिः ॥२०॥

लोमभ्यः स्वाहा एवा वेदमंत्रवडे यथाविधि होम करवो. ॥१८॥ अने ए क्रव्याद् नामना अग्निनी ए मंत्रवडे प्रार्थना करवी, हे क्रव्याद् तमे सकल प्राणी मात्रने धारण करनारा छतां सकल जगततुं कारण छो, तथा सकळ जगततुं पालन करनारा छो, आ संसारी जन मरण पाम्यो तेने तमे स्वर्गे लइ जाओ. ॥१९॥ एवी प्रार्थना करीने जे ठेकाणे अग्नि होय ते ठेकाणे चंदन, तुलसी, खाखरो तथा पीपळागां लाकडांनी चिता करवी. ॥२०॥

પછી એ ચિતામાં એ પ્રેતને સુવાડીને. તે પર બે પિંડ આપવા, તે એમ કે, એક ચિતાપર તથા બીજો પ્રેતના હાથમાં પ્રેત એવા નામનો આપવો, ત્રણવાર પિંડદાન કરે ત્યારથી સપિંડી સુધી તેને પ્રેત એવું નામ પ્રાપ્ત થાય. ॥૨૧॥ કેટલાએક પ્રેતકલ્પ જાણનારા તેને સાધક એવું નામ આપે છે; માટે તે નામથી ચિતાપર પિંડદાન કરવું. અથવા પ્રેત એવા નામથી ચિતા પર પિંડદાન કરવું. ॥૨૨॥ એ પ્રકારે પાંચ પિંડ આપવાથી શબને આહુતિની યોગ્યતા આવે છે, કદાપિ એ પાંચ પિંડ આપે નહીં; તો પ્રથમ કહ્યા

चितामारोप्य तं प्रेतं पिंडौ द्वौ तत्र दापयेत् ॥

चितायां शवहस्ते च प्रेतनाम्ना खगेश्वर ! ॥ चिताशोक्षप्रभृतिकं प्रेतत्वमुपजायते ॥२१॥

केऽपि तं साधकं प्राहः प्रैतकल्पविदो जनाः ॥ चितायां तेन नाम्ना वा प्रेतनाम्नाथवा करे ॥२२॥

इत्येवं पंचभिः पिंडैः शवस्याहुतियोग्यता ॥ अन्यथा चोपघाताय पूर्वोक्तास्ते भवंति हि ॥२३॥

प्रेतो दत्वा पंच पिंडात् हुतमादाय तं तृणैः ॥ अग्निं पुत्रस्तदा दद्यान्न भवेत्पंचकं यदि ॥२४॥

पंचकेषु मृतो यस्तु न गतिं लभते नरः ॥ दाहस्तत्र न कर्तव्यः कृतेऽन्यमरणं भवेत् ॥२५॥

आदौ कृत्वा घनिष्ठार्धमेतन्नक्षत्रपंचकम् ॥ रेवत्यंतं न दाहेऽर्हे दाहे च न शुभं भवेत् ॥२६॥

પ્રમાણે રાક્ષસાદિ કુલનો નાશ કરવાને પ્રવૃત્ત થાય છે. ॥૨૩॥ પાંચ પિંડદાન પછી હવન કરેલો અગ્નિ પુત્રે ઉપાડીને મરણ વખતે પંચક ન હોય તો, તે ચિતાપર મૂકવો. ॥૨૪॥ જે નર પંચકમાં મરણ પામે. તેની ગતિ થતી નથી, માટે પ્રાયશ્ચિત્ત સિવાય તેના દેહને–દહન કરવો નહીં, કરે તો બીજા માણસનું પણ મોત થાય છે. ॥૨૫॥ ઘનિષ્ટા નક્ષત્રના ચરણ વડે પ્રારંભ થઇ, રેવતી નક્ષત્ર પૂરું થતાં લગી પંચક જાણવું. આ નક્ષત્રો લગતું મરણ આવે તો પ્રાયશ્ચિત્ત સિવાય તેને ગૃહ યોગ્યતા આવતી નથી. ॥૨૬॥

आ नक्षत्रोमां जे मरण पामे, तेना घरमां कांइपण हानि थाय छे, अथवा पुत्रो के गोत्राइओमां कांइ ने कांइ पण विघ्न उत्पन्न थाय छे. ॥२७॥ हे गरुड ! ए सकल दोषोनी शांतिने अर्थे तमने विधि कहुं छुं, के जे करवाथी ए नक्षत्रो होय तो पण प्रेतने दहन करी शकाय. ॥२८॥ हे गरुड ते विधि एवो के, प्रेतनी पासे दर्भनां चार पुतळां करवां, अने तेने ऋण मंत्रवडे मंत्रित करवां. ॥२९॥ पछी 'प्रेत जयत' एवा मंत्रथी संपुटित ऋणमंत्रवडे होम करवो. ॥३०॥ पछी ए पुतळां सहित प्रेतने दहन

गृहे हानिर्भवेत्तस्य ऋक्षेष्वेषु मृतो हि यः ॥ पुत्राणां गोत्रिणां चापि कश्चिद्विघ्नः प्रजायते ॥२७॥
अथवा ऋक्षमध्ये हि दाहः स्याद्विधिपूर्वकः ॥ तद्विधिं ते प्रवक्ष्यामि सर्वदोषप्रशांतये ॥२८॥
शवस्य निकटे तार्क्ष्य ! ! निक्षिपेत्पुत्तलांस्तदा ॥ दर्भमयांश्च चतुर ऋक्षमंत्राभिमंत्रितान् ॥२९॥
तत्रहेम प्रकर्तव्यं वहंति ऋक्षनामभिः ॥ प्रेताजयतमंत्रेण पुनर्होमस्तु संपुटैः ॥३०॥
ततो दाहः प्रकर्तव्यस्तैश्च पुत्तलकैः सह ॥ सपिंडनदिने कुर्यात्तस्य शांतिविधिं सुतः ॥३१॥
तिलपात्रं हिरण्यं च रूप्यं रत्नं यथाक्रमम् ॥ घृतपूर्णं कांस्यपात्रं दद्याद्दोषप्रशांतये ॥३२॥
एवं शांतिविधानं तु कृत्वा दाहं करोति यः ॥ न तस्य विघ्नो जायते प्रेता यांति परां गतिम् ॥३३॥
एवं पंचकदाहः स्यात्तद्विना केवलं दहेत् ॥ सती यदि भवेत्पत्नी तया सह विनिर्दहेत् ॥३४॥

करवुं, अने सपिंडीना दिवसे पुत्रे शांतिरूप विधि करवो. ॥३१॥ अने तेना दोषनी शांति अर्थे तिलपात्र, हिरण्य, रौप्य, रत्न अने घीथी परिपूर्ण भरेलुं कांसानुं पात्र वगेरे सकल दान आपवां. ॥३२॥ ए प्रकारे शांतिनो विधि करीने, जे पुरुष प्रेतनुं दहन करे छे, तेने कोइपण प्रकारनुं विघ्न आवतुं नथी, तथा प्रेत पण उत्तम गति पामे छे. ॥३३॥ हे गरुड, ए प्रमाणे में तने पंचकमां मरनारनो दहनविधि कह्यो. जे पत्नी साध्वी छतां, पतिनी साथे जाय, तो तेनी साथे तेणीने दहन करवी. ॥३४॥



१०२

स्त्री पतिव्रता छतां पतिना हित विषे आसक्त होय, तो तेणीए पति सहगमन पहेलां स्नान करवुं. ॥३५॥ पछी कंकु, केशर, काजळ, उत्तम वस्त्रो अने अलंकारथी स्वशरीर भूषित (शृंगारयुक्त) करवुं; अने ब्राह्मण तथा बंधुवर्गने दान आपवां. ॥३६॥ पछी पोतिका गुरुने नमस्कार करीने, घरमांथी बहार नीकळवुं. पछी देवालयमां जइने, विष्णुने भक्तिपूर्वक नमस्कार करवा. ॥३७॥ अने तेमने पण अलंकार समर्पण करीने, हाथमां श्रीफल पकडवुं अने लज्जा तथा मोहनो त्याग करीने, श्मशान भूमि तरफ जवुं. ॥३८॥ त्यां जइ सूर्यने नमस्कार करी चिताने प्रदक्षिणा कर्या पछी पुष्पनी शय्या ज छे एम गणी, चितामां

पतिव्रता यदा नारी भर्तः प्रियहिते रता ॥ इच्छेत्सहै गमनं तदा स्नानं समाचरेत् ॥३५॥
कंकुमांजनसद्वस्त्रभुषणैभुषितां तनुम् ॥ दानं दद्याद्द्विजातिभ्यो बंधुवर्गेयम्य एव च ॥३६॥
गुरुं नमस्कृत्य तदा निर्गच्छेन्मंदिरादुबहिः ॥ ततो देवालयं गत्वा भक्त्या तं प्रणमेद्धरिम् ॥३७
समर्प्याभरणं तत्र श्रीफलं परिगृह्य च ॥ लज्जां मोहं परित्यज्य श्मशानभवनं व्रजेत् ॥३८॥
तत्र सूर्यं नमस्कृत्य परिक्रम्य चितां तदा ॥ पुष्पशय्यां तदरोहेन्निजांके स्थापयेतपतिम् ॥३९॥
सखिभ्यः श्रीफलं दद्यद्दाहमाज्ञापयेत्ततः ॥ गंगास्नानसमं ज्ञात्वा शरीरं परिदाहयेत् ॥४०॥
न दहेद्गर्भिणी नारी शरीरं पतिना सह ॥ जनयित्वा प्रसूतिं च बालं पोष्य सती भवेत् ॥
नारी भर्तारिभासाद्य शरीरं दहेत यदि ॥ अग्निर्दहति गात्राणि नैवात्मनं प्रपींडयेत ॥४२॥

बेसीने पोताना खोळामां पतिनुं मस्तक लेवुं. ॥३९॥ पोतीका हाथमांनु श्रीफल पोतानी सखीना हाथमां आपवुं, पछी अग्नि प्रजालवानी ए प्रतिव्रताए आज्ञा आपवी. ते समय पोतीका शरीरे गंगास्नान थाय छे एम पतिव्रताए जाणवुं. ॥४०॥ कोइ प्रतिव्रता गर्भवंती होय, तो तेणीए पति साथे दहन करवुं नहीं. तेणीए प्रसूत थइने, पोतिका बालकनुं रक्षण करवुं. ॥४१॥ निज भर्तार भेगी बळनारी स्त्रीने दहन करे तो अग्नि मात्र शरीरने दहन करे छे, परंतु जीवने कांइ दुःख देतो नथी. ॥४२॥

अग्निना संयोगथी जेम ताम्रादि धातुओनो मेल जाय छे, तेम पतिसहगमन करनारी स्त्री अमृत तुल्य अग्निमां बळवाथी पोतीका मन मांहेनो मेल ( पाप ) दूर करे छे. ॥४२॥ ए बाबत दृष्टांत–जेम परस्पर विवाद पडवाथी सत्यवादी जेम तपावेलुं लोढुं पकडतां दाझतो नथी तेम. ॥४४॥ जे स्त्री पति साथे सहगमन करे छे, ते दग्ध थती नथी, कारण के, जीव रूप तेना पति साथे ऐक्य पामे छे. ( फरीथी स्त्री शरीर धारण करती नथी) ॥४५॥ ज्यांसुधी स्त्री पतिनी साथे सहगमन करती नथी, त्यांसुधी तेणी स्त्री शरीरथकी मुक्त थती नथी. ॥४६॥ ते माटे स्त्रीए सर्वात्मभाववडे सर्व काळ तद्‌गत अंतःकरणथी कायिक,

दह्यते ध्यायमानानां धातूनां च यथा मलः ॥ तथा नारी दहेत्पापं हुताशे ह्यमृतोपमे ॥४३॥
दिव्यादो सत्युक्तश्च शुद्धो धर्मयुतो नरः यथा न दह्यते तप्तलोहपिंडेन कर्हिचित् ॥४४॥
तथा सा पतिसंयुक्ता दह्यते न कदाचन॥ अंतरात्मात्मना भर्त्रा मृतेनैकत्वमागता ॥४५॥
यावच्चाग्नौ मृते पत्यो स्त्री नात्मानं प्रदाहयेत् ॥ तावन्न मुच्यते सा हि स्त्रीशरीरात्कथंचन ॥४६॥
तस्मात्सर्वप्रयत्नेन स्वपतिं सेवयेत्सदा ॥ कर्मणा मनसा वाचा मृते जीवति तद्‌गता ॥४७॥
मृते भर्तरि या नरी समारोहेद्धुतशनम् ॥ सारुंधतीसमा भुत्वा स्वर्गलोके महीयते ॥४८॥
तत्र सा भर्तुपरमा स्तूयमानाप्सरोगणैः ॥ रमते पतिना सार्धं यावदिंद्राश्चतुर्दश ॥४९॥
मातृकं पैतृकं चैव यत्र सा च प्रदीयते ॥ कुलत्रयं पुनात्यत्र भर्तारं यानुगच्छति ॥५०॥

वाचिक अने मानसिक कर्मोवडे पोतीका पतिनो सेवा करवी. ॥४७॥ पति मरण पाम्या छतां जे स्त्री पति साथे अग्निमां प्रवेश करे छे, ते स्त्री अरुंधती ( वसिष्ट मुनिनी स्त्री ) तुल्य थइने, स्वर्गलोकमां पूज्य थाय छे. ॥४८॥ अने त्यां पण पोतीका भर्तारनी सेवामां तत्पर छतां; जेनी अप्सराओ सेवा करे छे एवा चौद इंद्र थाय त्यांसुधी ए ठेकाणे वास करे छे. ॥४९॥ जे स्त्री भर्तार साथे सहगमन करे छे, तेणी मोसाळ, पियर तथा सासरीआनो उद्धार करे छे. ॥५०॥

५२

अने माणसना शरीरपर जेटला रोम छे, तेटलां वर्ष तेणी पति साथे स्वर्गमां वास करे छे, ( आ संख्यानुं तात्पर्य असंख्य वर्षनुं छे). ॥५१॥ अने तेणी पोतीको पति जे लोकमां होय, ते लोकमां वास करीने, सूर्य समान तेजस्वी विमानमां बेसीने, ज्यांसुधी चंद्र अने सूर्य रहे त्यांसुधी क्रीडा करे छे. ॥५२॥ पछी ते चिरायु छतां, विमल कुळमां जन्म ले छे, अने तेणी पाछी ते ज पतिने फरीथी पामे छे. ॥५३॥ जे स्त्री क्षणिक दाहदुःखने सहन करती नथी, तेणी एवा अनंत सुखनो त्यांग करीने, जन्म सुधी पति विरहना दुःखथी दग्ध थाय छे. ॥२४॥ माटे ते स्त्रीए पोतानो पति शिव छे एम मानीने, तेमनी

तिस्त्रः कोटयोऽर्धकोटी च यानि रोमाणि मानुषे ॥ तावत्कालं वसेत्स्वर्गे पतिना सह मोदते ॥५१॥
विमाने सूर्यसंकाशे क्रीडते रमणेन सा ॥ यावदादित्यचंद्रौ च भर्तुलोके चिरं वसेत् ॥५२॥
पुनश्चिराय सा भूत्वा जायते विमले कुले ॥ पतिव्रता तु या नारी तमेव लभते पतिम् ॥५३॥
या क्षणं दाहदुःखेन सुखमेतादृशं त्यजेत् ॥ सा मूढा जन्मपर्यंतं दह्यते विरहाग्निना ॥५४॥
तस्मात्पतिं शिवं ज्ञात्वा सह तेन दहेत्तनुम्॥ यदि न स्यात्सती ताक्ष्र्य ! तमेवं प्रदहेत्तदा ॥५५॥
अर्धे दग्देऽथवा पूर्णे स्फोटयेत्तस्य मस्तकम् ॥ गृहस्थानां तु काष्टेन यतीनां श्रीफलेन च ॥५६॥
प्राप्तये पितृलोक्तानां भित्त्वा तद्ब्रह्मरंध्रकम् ॥ आज्याहुतिं ततो दद्यामंत्रेणानेन तत्सुतः ॥५७॥

साथे पोतानुं शरीर दग्ध करवुं, कदापि कोइ स्त्री साध्वी न होय, तो मात्र तेणीनो ज दाह करवो. ॥५५॥ अर्ध दग्ध थाय त्यारे अथवा पूर्ण दग्ध थाय त्यारे तेना मस्तकनी खोपरीने फोडवी, ते एम के, गृहस्थनी लाकडा वती अने यतिनी श्रीफळ वती फोडवी. ॥५६॥ अने पितृलोकनी प्राप्तिने अर्थे तेना ब्रह्मरध्र काणुं पाडीने, तेने ब्रह्म लोकनी प्राप्ति थवा सारु पुत्रे, हवे कहुं छुं, एवा मंत्र वडे, तेने अग्निमां आज्याहुति आपवी. ॥५७॥

ए मंत्रनो अर्थ एवो छे के, हे अग्नि ! तमे विष्णु थकी उत्पन्न थया छो, तो तमारा विषे दग्ध थयेलो जन दिव्य देहयुक्त थइने फरीथी स्वर्गमां उत्पन्न हजो. ॥५८॥ प्रेत पूर्ण दग्ध थया पछी अग्निमां मंत्रपूर्वक तिलमिश्र आज्याहुति आपीने, पछी पुष्कळ शोक करवो, ए प्रकारे कर्म करे, तो ते थकी मरनारने सुख प्राप्त थाय छे, ॥५९॥ बळी रह्या पछी तेना स्त्री पुत्रोए स्नान करवुं अने नाम तथा गोत्रनो उच्चार करीने, तिलांजलि आपवी. ॥६०॥ कडवा लींमडाना पांदडां भक्षण करवां, मरनारना गुण वर्णववा अने स्मशानमां दहन करीने आवतां स्त्रीओने आगळ करी, पुरुषोए पाछळ चालीने, घेर जवुं. ॥६१॥ घेर

अस्मात्त्वमधिजातोऽसि त्वदयं जायतां पुनः ॥ असौ स्वर्गाय लोकाय स्वाहा ज्वलतु पावकः ॥५८॥
एवमाज्याहुतिं दत्वा तिलमिश्रां समंत्रकाम् ॥ रोदितव्यं ततो गाढं तेन तस्य सुखं भवेत् ॥५९॥
दाहदनंतरं कार्यं स्त्रीभिः स्नानं ततः सुतैः ॥ तिलोदकं ततो दद्यान्नामगोत्रोकल्पितम् ॥६०॥
प्राशयेन्निंबपत्राणि मृतकस्य गुणान्वदेत् ॥ स्त्रीजनोऽग्रे गृहं गच्छेत्पृष्ठतो नरसंचयः ॥६१॥
गृहे स्नानं पुनः कृत्वा गोग्रासं च प्रदापयेत् ॥ पत्रावल्यां च भुंजीयाद्गृहान्नं नैव भक्षयेत् ॥६२॥
मृतकस्थानमालिप्य दक्षिणाभिमुखं ततः ॥ द्वादशाहकपर्यंतं दीपं कुर्यादहर्निशम् ॥६३॥
सूर्येऽस्तमागते तार्क्ष्य ! स्मशाने वा चतुष्पथे ॥ दुग्धं च मृण्मये पात्रे तोयं दद्याद्दिनत्रयम् ॥६४॥

आव्या पछी फरीथी स्नान करीने गायने गौग्रास आपवो; पछी भोजन करवुं. ते एम के पत्राळामां जमवुं तथा घरनुं अन्य खावुं नहीं. ॥६२॥ मरनार जे ठेकाणे मूओ होय ते ठेकाणे गायना छाणवडे लींपीने ए ठेकाणे बार दिवस सुधी अहर्निश दक्षिण तरफ दीवो राखवो. ॥६३॥ हे गरुड ! सूर्य अस्त थाय एटले स्मशान अथवा चकलामां माटीना पात्रोमां दूध तथा जल भरीने त्रण दिवस मूकवुं. ॥६४॥





१०५

ए पात्रो अपक्व छतां जल अने दूधथी भरपूर जोइए, ए पात्र सांठीओ तथा दोरडीथी बनावेला तरवैयाओपर मूकवां, अने आ प्रमाणेनो मंत्र भणवो. ॥६५॥ ए मंत्रनो अर्थ एवो छे के, मरनार तमे श्मशानना अग्निथी दग्द थया छो, तथा बांधवादिकोए तमारो त्याग कर्यो, माटे आ पात्रोमांना दूध तथा जलनुं पान करो. ॥६४॥ चोथे दिवसे टाढी वाळवानो कुयोग होय तो, त्रीजे अथवा बीजे दिवसे वाळवी. ॥६७॥ टाढी वाळवानो प्रकार एवो के, श्मशानमां जइने, प्रथम स्नान करीने पवित्र थवुं; पछी ऊन अने सूत्रथी करेली पवित्री पहेरीने, ॥६८॥ त्यां रहेनारा चांडालने शक्ति प्रमाणेनुं दान आपीने, पछी

अपक्वमृण्मयं पात्रं क्षीरनीरप्रपूरितम् ॥ काष्ठत्रयं गुणैर्बद्धं धृत्वा मंत्रं पठेदिमम् ॥६५॥
श्मशानानलदग्धोऽसि परित्यक्तोऽसि बांधवैः ॥ इदं नीरमदं क्षीरमत्र स्नाहि णितं पिब ॥६६॥
चतुर्थे संचयः कार्यः साग्निकैश्चः निरग्निकैः ॥ तृतीयेऽह्नि द्वितीये वा कर्तव्यश्चाविरोधतः ॥६७॥
गत्वा श्मशानभूमिं च स्नानं कृत्वा शुचिर्भवेत् ॥ ऊर्णासूत्रं वेष्टयित्वा पवित्रीं परिधाय च ॥६८॥
दद्यात् श्मशानवासिभ्यस्ततो माषबलिं सुतः ॥ यमाय त्वेति मंत्रेण तिस्रः कुर्यात्परिक्रमाः ॥६९॥
ततो दुग्धेन चाभ्युक्ष्य चितास्थानं खगेश्वर ! जलेन सेचयेत्पश्चादुद्धरेदस्थिवृंदकम् ॥७०॥
कृत्वा पलाशपत्रेषु क्षालयेद्दुग्धवारिभिः ॥ संस्थाप्य मृण्मये पात्रे श्राद्धं कुर्याद्यथाविधि ॥७१॥

पुत्रे अडदनुं बलिदान आपवुं. ए बलिदान आपती वखते 'यमायत्वेति' एवो मंत्रोच्चार करीने, त्रण डाबी प्रदक्षिणाओ करवी. ॥६९॥ हे गरुड ! पछी चितापर दूध छांटवुं; पछी जल छांटीने, मांहेलां अस्थि ( हाडकां ) बहार कहाडवां, ॥७०॥ पछी ए अस्थिने खाखरानां पांदडांओ पर मूकीने, वारंवार दूध तथा तथा जलथी धोवां, अने माटीना पात्रमां, पछी विधिपूर्वक श्राद्ध करवुं. ॥७१॥

पछी त्रिकोण चोको करीने:तेने गायना छाण तथा जलवडे लींपीने, पवित्र करवो; पछी दक्षिणाभि मोढे बेसीने, दक्षिण पश्चिम अने उत्तर ए त्रण दिशाए अनुक्रमे त्रण पिंड आपवा. ॥७२॥ पछी चितानी सघळी भस्मनो एक गोळो करीने, घडानुं मों ढांक्या पहेलां ज घडाने जळमां नाखवो. ॥७३॥ पछी रांधेला भातमां दहीं, घी अने जळ मेळवीने, तेना पिंड करीने, विधि सहित मेतने आपवा. ॥७४॥ पछी उत्तर दिशा तरफ पंदर डगलां हींडवुं, अते ते ठेकाणे खाडो खोदीने, ए अस्थिवाळु पात्र तेमां मुकवुं. ॥७५॥ ते पर दाह कर्यानी पीडाना निवारणने अर्थे पिंडदान करवुं. पछी ए अस्थिपात्र ते खाडामांथी कहाडीने,

त्रिकोणं स्थंडिलं कृत्वा गोमयेनोपलेपितम् ॥ दक्षिणाभिमुखो दिक्षु दद्यात्पिंडत्रयं त्रिषु ॥७२॥
पुंजीकृत्य चिताभस्म तत्र धृत्वा त्रिपादुकाम् ॥ स्थापयेत्तत्र सजलमनाच्छाद्य मुखं घटम् ॥७३॥
ततस्तंडुलपाकेन दधिघृतसमन्वितम् ॥ बलिं प्रेताय सजलं दद्यान्पिंडं यथाविधि ॥७४॥
पदानि दश पंचैव चोत्तरस्यां दिशि व्रजेत् ॥ गर्तं विधाय तत्रास्थिपात्रं संस्थापयेत्खग ! ॥७५॥
तस्योपरि ततो दद्यात्पिंडं दाहार्तिनाशनम् ॥ गर्ता दुद्धृत्य तत्पात्रं नीत्वा गच्छेज्जलाशयम् ॥७६॥
तत्र प्रक्षालयेद्दुग्धजलादस्थि पुनः पुनः ॥ चर्चयेच्चदनेनाथ कंकुमेन विशेषतः ॥७७॥
धृत्वा संपुटके तानि कृत्वा च हृदि मस्तके ॥ परिक्रम्य नमस्कृत्य गंगामध्ये विनिक्षिपत् ॥७८॥
अंतर्दशाहं यस्यास्थि गंगातोये निमज्जति ॥ न तस्य पुनरावृत्तिर्ब्रह्मलोकात्कदाचन ॥७९॥

जलनो ऊंडो धरो होय त्यां लई जवुं. ॥७६॥ ए ठेकाणे ते अस्थिओ पर जल तथा दूध रेडीने, तेने वारंवार पलाळवां अने तेओ पर खूब केसर तथा चंदन चढाववां. ॥७७॥ पछी संपुटमां घालीने, ए संपुट हृदयपर तथा मस्तकपर धारण करवुं अने ते अस्थिने प्रदक्षिणा तथा नमस्कार करीने, तेने जळमां मेलवां. ॥७८॥ दश दिवसनी मांहे जेना अस्थि गंगामां पडे, तेने ब्रह्मलोकमांथी पाछुं आववानुं थतुं नथी. ॥७९॥

मनुष्यनां अस्थि जेटला दिवस सुधी गंगाना जळमां रहे, तेटला हजार वर्ष सुधी ते स्वर्गमां निवास करे छे, ॥८०॥ कदापि गंगाना जळने स्पर्श करीने वायु मरनारना देहने स्पर्श करे तो तेनां सकळ पाप तत्काल नाश पामे छे. ॥८१॥ जे गंगाने भगीरथ राजाए उग्र तप करीने, पोताना पूर्वजोना उद्धारार्थे स्वर्गथकी भूलोकमां पधराव्यां ॥८२॥ ते गंगाए सगर-राजाना पुत्रोनी भस्मने स्पर्श करने, स्वर्ग पमाडच्या, ए रीतनां ए गंगाजीनो यश त्रैलोक्यमां प्रसिद्ध छे. ॥८३॥ पूर्व वयमां पातक करीने जे मनुष्य मरण पामे, तेनां अस्थि गंगामां पडे. तो ते पूर्वपापथकी मुक्त थइने स्वर्ग जाय छे, ॥८६॥ ते बाबत

यावदस्थि मनुष्यस्य गंगातोयेषु तिष्ठति ॥ तावद्वर्षसहस्राणि स्वर्गलोके महीपते ॥८०॥
गंगाजलोर्मि संस्पृश्य मृतक्तं पवनो यदा ॥ स्पृशते पातकं तस्य सद्य एव विनश्यति ॥८१॥
आराध्य तपसोग्रेण गंगा देवीं भगीरथः उद्धारार्थं पूर्वजानामानयद्ब्रह्मलोकतः ॥८२॥
त्रिषु लोकेषु विख्यातं गंगायाः पावनं यशः ॥ या पुत्रान्सगरस्यैतान् भस्माख्याननयद्दिवम् ॥८३॥
पूर्वे वयसि पापानि ये कृत्वा मानवा मृताः ॥ गंगायामस्थिपतनात्स्वर्गलोकं प्रयांति ते ॥८४॥
कश्चिद्व्याधो महारण्ये सर्वप्राणिविहिंसकः ॥ सिंहेन निहतो यावत्प्रयाति नरकालये ॥८५॥
तात्कालेन तस्यास्थि गंगायां पातितं तदा ॥ दिव्यं विमानमारुह्य स गतो देवमंदिरम् ॥८६॥
अतः स्वमेव सत्पुत्रो गंगायामस्थि पातयेत् ॥ अस्थिसंचयनादूर्ध्वं दशगात्रं समाचरेत् ॥८७॥

इतिहास कहे छे, कोइ एक पारधी मोटा अरण्यमां पशुपक्षीओनी हिंसा करनारो हतो, तेने एक सिंहे मार्यो, तथा ते तेना पापकर्मोथी नरकमां जवानो हतो. ॥८५॥ एवामां तेनुं एक हाडकुं एक कागडो लइने गंगापरथी उडी जतो हतो, ते गंगामां पडयुं, तेथी ए पारधी तत्काल सकळ पापोथी मुक्त थइने, दिव्य विमानमां बेसीने स्वर्गे गयो. ॥८६॥ माटे पोताना पितानां अस्थि पुत्रे ज गंगामां नाखवां, ए रीते अस्थिसंचय पछी प्रेतनी निवृत्तिने अर्थे दशगात्राख्य करवुं. ॥८७॥

अथ कश्चिद्विदेशे वा वने चौरभये मृतः ॥ न लब्धस्तस्य देहश्चेच्छृणुयाद्याद्दिने तदा ॥८८॥
दर्भपुत्तलकं कृत्वा पूर्ववत्केवलं दहेत् ॥ तस्य भस्म समादाय गंगातोये विनिक्षिपेत् ॥८९॥
दशगात्रादिकं कर्म तद्दिनादेव कारयेत् ॥ स एव दिवसो ग्राह्यः श्राद्धे सांवत्सरादिके ॥९०॥
पूर्णे गर्भे मृत नारी विदार्य जठरं तदा ॥ बाल निष्कास्य निक्षिप्य भूमौ तामेव दाहयेत् ॥९१॥
गंगातीरे मृतं बालं गंगायामेव पातयेत् ॥ अन्यदेशे क्षिपेद्भूमौ सप्तविंशतिमासजम् ॥९२॥
अतः परं दहेतस्य गंगायामस्थि निक्षपेत् ॥ जलकुंभश्च दातव्यं बालानामेव भोजनम् ॥९३॥
गर्भे नष्टे क्रिया नास्ति दुग्धं देयं मृते शिशौ ॥ घटं च पायसं भोज्यं दद्याब्दालविपत्तिषु ॥९४॥

कदापि कोइ विदेश किंवा अरण्यमां चोरादिकथकी मृत्यु पामवाथी, तेना अस्थि न जडतां होय तो जे दिवसे मुआनी खबर मळे छे ते दिवसे ॥८८॥ दर्भनुं पुतळुं करीने दहन करवुं अने तेनी भस्म लइने गंगाना जळमां नाखवी. ॥८९॥ पछी मात्र दश गात्रादि कर्म सिवाय बाकीनां सकल कर्म करवां, अने जे दिवसे तेना मुआ बाबतनी खबर पडी होय, ते ज दिवस तेना सांवत्सरादि श्राद्ध बाबत गणवो. ॥९०॥ गर्भ पूर्ण थया छतां कदापि तेनी माता मरण पामे तो, तेनुं पेट फाडीने, मांहेलो गर्भ एक बाजुए मूकीने, फक्त ए स्त्रीना ज देहने दहनादि संस्कार करवो. ॥९१॥ कदापि ए एक बाजुए मूकेलुं बाळक मृत्यु पामे, तो तेने गंगामां ज वहेतुं मुकी देवुं, बीजे ठेकाणे मरेलुं बाळक होय, तो तेने भूमिमां दाटवुं; परंतु ते सत्तावीश महिनानी अंदरनी वयनुं होवुं जोइए. ॥९२॥ कदापि ते करतां अधिक वयनुं होय, तो तेना देहने, बाळीने, तेनां अस्थि गंगामां नांखवां, तथा जलना कुंभनु दान आपीने, बालकोने जमाडवां, ॥९३॥ गर्भमां ज नष्ट थयो होय तो तेनी क्रिया करवानी नहीं बाळक मर्युं होय तो तेनी पाछळ दूध आपवुं, जलना कुंभनुं दान करवुं. तथा बालकोने भोजन आपवुं. ॥९४॥